યુવાન નવ સૃષ્ટિનો સરજનહાર છે.

ઘેન નિદ્રા. Reg. No. B. 2616

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી:—જમનાદાસ અમરચંદ ગાંધી.

અંક ૧૦ મો. | સંવત ૧૯૮૬ ના કારતિક શુદ ૮ શનીવાર તા. ૯-૧૧-૨૯ | લવાજમ છુટક નકલ અડધો આનો.

## મુનિશ્રી રામવિજયજીની ઘેન નિદ્રા.

પ્રવચન અંક ૧૫ માં **સ્યાદ્વાદ એટલે ?** એવું મથાળું કરી લગભગ આખું કોલમ કેવળ અંતરની આગ બહાર કાઢવામાં ભર્યું છે. મુનિજી શ્રી વલ્લભસૂરિની અનુપમ શાંતિની એક તરફ પ્રસંશા થતી જોઇ મુંઝાયા છે, એટલે બેફામ બકવાદ ચાલુ કરી એટલે સુધી લવી જાય છે ને કહી દે છે કે- "ધર્મ નાશક શાંતિને વખાણનારા પણ પાપી છે." ભલા, કાને ન સાંભળ્યું હોય તો આ વીસમી સદીના મુનિ પ્રવર- અરે આગમના એકહથ્થુ ઇજારદારના ઉપલા શબ્દો સાંભળીને મનન કરજો. "અશાંતિ કલહ, કંકાશ, આદિથી ધર્મનો નાશ જરૂર થાય, એ સમજાય તેવું છે, પણ આ મુનિજી તો 'શાંતિ'થી પણ ધર્મનો નાશ દેખાડી રહ્યા છે ઘેનમાં પડેલો આદમી જેમ ધોળાને પણ કાળું દેખે તેમ અહીં પણ મહારાજ શ્રીને પોતાના અભ્યાસનું અજીર્ણ તો પોતેજ જાણે આગમને યથાર્થ સમજે છે અને બાકીના બધા કંઇ સમજતા નથી એવા ઘમંડનું એવું તો વિલક્ષણ અજીર્ણ થયું છે કે જેથી તેઓ સત્યાસત્યની વહેંચણી સરખી પણ નથી કરી શકતા. પોતે ગમે તેવી ભાષા ઉચ્ચારે, મન ગમતા મથાળા નીચે લખાણ લખે, મુનિને કલ્પે પણ નહીં તેવી રીતિ ધનધોકાર ચલાવે, સૂત્ર છપાવવાના બ્હાને પૈસા લઇ છાપાં ચલાવે. એ બધામાં એમની બુદ્ધિ ધર્મ જુએ, જ્યારે અન્ય સાધુ એવી જંજાળમાં ન પડતાં, પોતાના શીરે ખોટા આક્ષેપોનો વરસાદ વરસતાં છતાં મૌનતાનું અવલંબન લઇ, સાધુજીવનની મર્યાદામાં રહી, શાંતિથી સ્વફરજ અદા કરે, આવી સાદી વાત છતાં, પ્રવરની બુદ્ધિને તેમાં 'મિથ્યાત્વનો પ્રચાર' લાગે, અને એમની ચક્ષુને એમાં 'ધર્મનાશ' જણાય ત્યારે શું સમજવું ? ઘુવડની આંખોને કયે દહાડે સૂર્ય દર્શન ગમે છે ? સ્યાદ્વાદની વ્યાખ્યા સમજાવવાને સ્થાને લીટીએ લીટીએ 'પાપાત્મા' જેવા અને માત્ર 'હું પદ' ને 'હુંશાની' પણાનો ભાવ સુચવનારા શબ્દો વાપરી મુનિએ પોતાનું પોત પ્રકાશ્યું છે.

'શિક્ષણ' સંબંધે બોલતાં 'બપ્પભટ્ટી' ને યાદ કરે છે. એ સંબંધમાં મુનિજીને પ્રશ્ન છે કે 'બપ્પભટ્ટી' જીએ આમરાજાને ધર્મવાસિત બનાવવા માટે જે જે કામો કર્યાં છે તેને તમો શાસ્ત્ર સંમત માનો છો કે નહીં ? તમારો જે વાણી વિલાસ પ્રગટ થયો છે, એ હિસાબે તો તેઓ પણ એકાંત 'ધર્મ' ની વાત કહેનારા ન હોવાથી ખરા સાધુ નહિંજ ગણાય ! આજે તમો પરમાર્થિક દ્રષ્ટિએ શ્રાવક શ્રેણીની ઉન્નતિની વાત કરનારને 'સમયજ્ઞ' ના નામે સ્વચ્છંદતાથી નિંદો છો, પણ જરા વિચારજો આ એકાકી પ્રવરજી કે બપ્પભટ્ટીજીએ તો આમરાજા ને શૃંગાર વિષયક વાતો પણ કરી છે, તમો મુખેથી પૂર્વાચાર્યોના માર્ગને રક્ષવાનો દાવો કરો છો, છતાં તમારા પ્રગટ થતા વાક્યોને સંગ્રહવામાં આવે તો તેઓની કેટલીએ વાતોને જાણે તમો મોટા આગમના ખાં ન હો એ રીતે અપ્રમાણ ઠરાવવાનું કાર્ય કરી રહ્યા લાગો છો.

ભણેલો યદા તદા બોલે ! જીભપર અંકુશ ન મૂકે ? આવા પ્રશ્નો કરો છો તો જરા અંતર તપાસી જુઓ ને કે '**ઉંદરને દારૂના બાટલાં**' જેવા વચનો ઉચ્ચારી તમોએ કેવું બાફ્યું છે ? એનું નામ જીભ પરનો અંકુશ કહેવાતો હશે ?"

"ઉત્તમ કુળમાં જન્મ પામેલા આત્માને શિક્ષણ અને વિદ્યા એવા પ્રકારની આપવી જોઇએ કે, જેમ જેમ ભણતો જાય તેમ તેમ પાપથી ડરે. વી૦"

આ વાક્યોમાં "મુખમે રામ ને બગલમાં છુરી" જેવું લાગે છે. એકાદ એવી શિક્ષણ સંસ્થા સ્થાપી ગયાં હોત તો તો કથન ખરૂં મનાય. બાકી તો, **असमर्थो गृहारंभे, समर्थो गृहभंजने,** જેવું વાનરોચિત કૃત્ય ! તમારા ઉપદેશને ચોથા આરાનો માનનારા તમારા ભક્તોની ગલીચ ભાષાવાળી પત્રિકા, ખૂન કરવાની ધમકી આપનારા પત્રો, અને ધર્મને નામે કેવળ દ્વેષ, ઝનુન અને અધર્મ આચરણ જોતાં માનવું પડે છે કે આપનો ઉપદેશ એ ઘેલાઓને તો વાંદરાને જેમ મદિરાપાન કરાવતાં જે દશા જન્મે તેના જેવો થઇ પડ્યો છે.

જેમ તમો જ્ઞાનના મદમાં, આવી "સર્વ કંઇ હુંજ કહું તે ખરૂં" એવી ઘેન નિદ્રામાં પડ્યા છો ને તેથી આજે જૈન શાસનની જે ખરાબી થઇ રહી છે તે જોઇ શકતા પણ નથી, તેમ તમારા આ ધર્મના ખરા અનુયાયીપણાનો દાવો કરનારા, માણસાઇ ભુલી જઇ, એવા કાર્યો કરવા મંડી પડ્યા છે ને માની બેઠા છે કે સ્વર્ગ તો પોતાથી માત્ર બે હાથ છેટું છે ને મોક્ષ તો આ સામેજ દેખાય છે. ધર્મના નામે પ્રભુજીના કેટલાએ કાનુનોને અભરાઇપર ચઢાવે જાય છે. આપના ઉપદેશનું એ ફળ છે.

અરે વધારે તો શું લખવું ! પણ તે ગાડરીયા ભક્તો ! નથી તો બેસતું વર્ષ જોતાં કે નથી તો જ્ઞાન પંચમી જેવું પવિત્ર પર્વ જોતા ! એવા જ્ઞાન પર્વને દિને પણ શ્રી ગોડીજીના ઉપાશ્રયમાં કોઠીવામાં સોયો ખોસેલું મીણનું પુતળું તથા સિંદુર ને અડદના દાણા સૂરિશ્વરજીની પાટ પાસે છાનેથી ગોઠવી જાય છે.

સહસ્ત્રવાર ધીક્કાર છે આવી આંધળી ભક્તિને ! અપાત્રે અપાતા, જ્ઞાની ઉપદેશનું આવું વિરૂપ ફળ બેસે તેમાં શી નવાઇ ? હજુ પણ ઘેન દશા ત્યાગી પરિસ્થિતિનો વિચાર કરવા વિનંતિ છે.

# જૈન યુવક સંઘના ઉદ્દેશો

અને

# આત્મનિવેદન.

(૬)

આત્મનિવેદનની છઠ્ઠી કલમ નીચે પ્રમાણે છે.

"આત્મશુદ્ધિ, સત્યનિષ્ઠા અને સેવાભાવને હું મારા જીવન મંત્ર તરીકે સ્વીકારૂં છું."

આત્મશુદ્ધિ, સત્યનિષ્ઠા કે સેવા ભાવ ઉપર લાંબા વિવરણની કશી જરૂર નથી. આ ભાવનાત્રિપુટીમાં જૈન ધર્મનું આખું રહસ્ય આવી જાય છે. આત્મશુદ્ધિનો આગ્રહ જૈન ધર્મનો પાયો છે. પ્રતિક્રમણ એ આત્મશુદ્ધિનો પર્યાય શબ્દ છે. સત્યનિષ્ઠા આત્મોત્કર્ષનું મૂળ છે. સત્યનિષ્ઠાના અભાવે સાધુ પ્રતિભાહીન લાગે છે, અને શ્રાવક તેજોવિહીન દેખાય છે. સેવા એ આ યુગનો પરમ ધર્મ છે, જન સેવામાંજ સાચી ઇશ્વર ભક્તિ રહેલી છે અને આત્મકલ્યાણની પણ એજ સાચી દિશા છે. જે મહાનુભાવ પોતાના જીવનમાં એ ત્રણે વસ્તુઓ સાધી શકે તે ખરેખર ધન્ય છે અને જગતને વન્દનીય છે. પ્રસ્તુત કલમનું ઔચિત્ય વિવાદાતીત છે. તે જુની તેમજ નવી દરેક પ્રતિના વિચારવાળાને માન્ય થઇ શકે તેમ છે તેથી તે ઉપર લાંબા વિવેચનની જરાપણ અપેક્ષા રહેતી નથી.

આ પ્રમાણે આપણે જૈન યુવક સંઘના ઉદ્દેશો અને આત્મનિવેદન ઉપર કેટલીક ચર્ચા કરી અને તે દરેક કલમ પાછળ શું ધ્યેય રહેલું છે તેનું ટુંક, સ્પષ્ટ અને પ્રમાણીક પ્રતિપાદન કર્યું. એ દરેક પાછળ એક તત્ત્વ મુખ્યપણે રહેલું છે. અત્યારની ધાર્મિક તેમજ સામાજીક પરિસ્થિતિ સંબધી ભારે અસંતોષ અને તેને લીધે તેમાંની કેટલીક બાબતો સામે બળવાખોર વૃત્તિ અને તેમાં ક્રાન્તિ નિપજાવવાની સાચા દિલની ધગશ. અત્યારના કેટલાક જૈનો માત્ર પોતાના ધર્મના ઉત્કર્ષની ચિન્તામાંજ કર્તવ્યની સમાપ્તિ થયેલી માને છે તે સામે અત્યારનો જૈન યુવક કહે છે કે માત્ર તેટલાથી હવે નહિ ચાલે. આપણા દેશનો વિચાર આપણે ક્ષણભર બાજુએ મુકી નજ શકીએ. દેશના ઉત્થાન સિવાય ધર્મનો ઉદ્ધાર અસંભવિત છે, પૂર્વકાળના અમીચંદ જગતશેઠ કે આજના ........થી જૈન યુવક જરા પણ ગૌરવ માનતો નથી. આવીજ રીતે કોઇએ પ્રચલિત માન્યતાઓ વિરૂદ્ધ વિચાર દર્શાવ્યા તો મુકો સંઘ બહાર-એ નિતિ સામે પણ આજનો જૈન યુવક જોસભેર પોકાર કરી રહેલ છે અને એવા 'સંઘબહાર'ના શસ્ત્રને બળહીન બનાવી રહેલ છે. ચોતરફ દુઃખ, દારિદ્ર, અજ્ઞાન અને ઉપાધિઓનો દાવાનળ સળગી રહેલ છે તે વખતે મોટા ધાર્મીક મહોત્સવો અને જમણવારો પાછળ દ્રવ્યનો જે અનર્ગળ વ્યય થઇ રહેલ છે તે આજનો યુવક સહી શકે તેમ નથી.

આજે આખા ભારત વર્ષની એકતાની વાત વિચારાઇ રહી છે, ત્યારે આપણે જૈનો દિન પ્રતિદિન ભાગોમાંથી વિભાગો જન્માવ્યે જઇએ છીએ અને પરસ્પર વેરઝેર વધાર્યે જઇએ છીએ અને પોતાના ધાર્મિક ભાઇ ભાંડુઓ સાથે સતત લડતો ચલાવ્યાજ કરીએ છીએ એ આજનો યુવક કેમ સાંખી શકે? આવા ભેદક બળોનો નાશ કરવોજ જોઇએ અને બને તેટલી એકતા અને સંગઠન સધાવાંજ જોઇએ. નહિ તો દિન પ્રતિદિન ઘસાતી જતી જૈન સમાજ આન્તર વિગ્રહથી પોતાનું અસ્તિત્વ નાબુદ કરી બેસશે. સમાજ પ્રાણશોષક રૂઢિ પરંપરાના નામે જે કાંઇ આપણા સમાજમાં પ્રવર્તી રહેલ છે તે કેમ નિભાવી લેવાય અને ધર્મના નામે ચાલતા દંભ તથા પાખંડો કેમ સહી શકાય? વળી કેટલાક વેષધારી સાધુઓ ચારિત્રવિહીન હોવા છતાં આપણી અજ્ઞ પ્રજાની ભોળપણનો લાભ લઇને પોતાના હજી જમાવી બેઠા છે તેને ઉખેડયા સિવાય કોઇ યુવક શાન્તિથી કેમ બેસી શકે? આ રીતે આત્મનિવેદનની પ્રત્યેક કલમ તેમજ ઉદ્દેશ વિધાન પાછળ જૈન યુવકનો અમુક રીતે અવશ્ય બળવો રહેલોજ છે. પણ વિરોધી વર્ગ તરફથી એવો આક્ષેપ કરવામાં આવે છે કે યુવક સંઘના ઉદ્દેશો અને આત્મનિવેદનમાં જૈન ધર્મ શાસ્ત્રોથી વિરૂધ્ધ વિચારોનુંજ પ્રતિપાદન છે તે આક્ષેપની વાસ્તવિકતા કોઇ રીતે સમજાતી નથી. શું વિચાર સ્વાતંત્ર્ય ધર્મનું વિરોધી છે કે જૈનોની એકતાની સામે જૈન ધર્મને વાંધો છે? શું દેશ કાળની જરૂર પ્રમાણે ઉપયોગી ક્ષેત્રોમાં દ્રવ્ય ખરચાવું જોઇએ એમ કહેવામાં જૈન ધર્મ ગ્લાનિ પામે છે કે હાનિકારક રીવાજો માન્યતાઓ અને ધાર્મીક દંભો સામે વિરોધ કરવાથી જૈન ધર્મ જોખમમાં આવી પડે છે? માટે પ્રસ્તુત આત્મનિવેદનમાં શાસ્ત્રવિરોધની કલ્પના ભ્રમણા માત્ર છે અને અત્યારની યુવક પ્રવૃત્તિને તોડી પાડવાની એક યુક્તિજ છે. અત્યારના યુવકે આવા આક્ષેપથી જરા પણ ડરવાનું કે પાછી પાની કરવાની છેજ નહિ. એટલું ખરૂં કે અત્યાર સુધીની આપણી વ્યવહારનીતિ શાન્તિ જાળવવાની, બધા સાથે સારૂં રાખવાની, કોઇ પણ સત્તાધારીને નહિ છંછેડવાની, હતી, આજે તે નીતિએ સમાજમાં નિર્માલ્યતા, દંભ પરાધીનતા અને પરસ્પર પ્રશંસકતાજ વધારી દીધી છે. આવી ખોટી જગત્ મૈત્રીનો દાવો કરનારને નીચેના કાવ્યમાંથી સચોટ ઉત્તર મળી રહેશે.

'ધરા પર મારે કોઇ શત્રુ નથી'
કાયરો એ અહંકાર ધરતા;
મર્દ કર્તવ્ય-સંગ્રામના જંગમાં
લાખ શત્રુને રક્તે નિતરતા.
તું રિપુહીન હોવાની શેખી મકર!
જાણુ! નિર્વીર્ય એ દર્પ ગાવે;
બહાદુરો સત્યને કાજ નિર્ભય બની
મિત્રથી શત્રુતા યે વધાવે.
દેશ દ્રોહીતણી કમરપર ત્રાટકી,
તેં નથી મિત્ર! શું ઘાવ ઝીલ્યા?
જુઠડી જીભ પરથી અગ્નિ-કટોરા,
તેં નથી મિત્ર! શું ઘૂંટ પીધા?
ધર્મને વેશ પાખંડ પૂજાય ત્યાં
જાણુ! શું ખડ્ગ કૈ તું ન ધાયો?
સત્યનાં સ્વાંગ પેરી ઊભું જુઠ ત્યાં
લડીને મિત્ર! શું નવ ઘવાયો?
સૌમ્ય તું! ભલો તું! સંત ભદ્રિક તું!
ભાઇ, એ છે બધી તારી ભ્રમણા;
રંક તું, દીન તું, ભીરૂ કંગાળ તું,
સ્વાદ ચાખ્યા નથી તેં જખમના.

('સૌરાષ્ટ્ર'માંથી ઉધ્ધૃત)

પરમાનંદ

# ખંભાતમાં યુવક સંઘના આશ્રય નીચે જાહેર સભા.

ખંભાત તા. ૨૯-૧૦-૧૯૨૯

ખંભાત મુકામે તા. ૨૭-૧૦-૨૯ ને રવીવારે સાંજના સાત વાગે એક જાહેર સભા શેઠ અંબાલાલ પાનાચંદની ધર્મશાળામાં મળી હતી. "જૈન યુવકોની પ્રવૃત્તિ" એ વિષય ઉપર ભાષણ આપવા માટે મુંબઇના શ્રી જૈન યુવક સંઘ તરફથી શ્રીયુત ભાઇશ્રી ઓધવજી ધનજી સોલીસીટર તથા શ્રીયુત ભાઇશ્રી મણીલાલ મોહોકમચંદ ખાસ પધાર્યા હતા. સભામાં જૈનો ઉપરાંત દરેક કોમના ભાઇઓએ ભાગ લીધો હતો.

શરૂઆતમાં પ્રભુસ્તુતિ બાદ શેઠ દીપચંદ પાનાચંદની દરખાસ્ત અને શકરાભાઇ અ. કાપડીઆ બી. એ. ના ટેકાથી ભોગીલાલ એન. શાહ એમ. એ. એ પ્રમુખસ્થાન લીધું હતું.

ત્યાર બાદ શાંતિલાલ ભોગીલાલ નામના વિદ્યાર્થી બંધુએ "આજ ભારત વર્ષમાં બે પક્ષ જૈનોમાં પડયા" એ ઘણા સુરીલા તથા કરૂણ અવાજે ગાઇ સંભળાવી ઘડીભર આખી સભાને સ્તબ્ધ બનાવી હતી.

ત્યાર બાદ આજના વકતા ભાઇશ્રી ઓધવજી ધનજી સોલીસીટરે બોલતાં જણાવ્યું કે મારી ઓળખાણ આપતાં અત્રેના યુવક સંઘના પ્રમુખ સાહેબે મારા જે વખાણ કર્યા છે, તે સંબંધમાં પ્રથમજ જણાવી દઉં કે હું વિદ્વાન, લેખક, કે વકતા નથી પણ હું તો સૈનીક છું; સૈનીકનો ધર્મ તો હુકમ ઉઠાવવાનો, મુંબઇ યુવક સંઘના હુકમને માન આપી વિચારોની આપલે કરવા હું આપની સમક્ષ હાજર થયો છું.

યુવકોની વ્યાખ્યા કરતાં તેમણે જણાવ્યું કે યુવક એટલે પ્રાણવાન, અડગ આત્મવિશ્વાસ, અન્યાય અને જુલમ સામે નિડર બળવાખોર, આદર્શ માટે આત્મ સમર્પણ કરનાર તપસ્વી, શૌર્યતા અને સેવાભાવથી ઉભરાઇ જતાં જીવન સમો, જુનીને સંહારી નવ સૃષ્ટીનું ચણતર ઘડનાર ભાવનાઓની જીવંત મુર્તિ.

દુનીઆની યુવક ચળવળની ઉત્પત્તિનો ઇતિહાસ આપતાં જર્મની, ઇજીપ્ત, તરકી, ચીન વીગેરેના યુવકોનો ઉલ્લેખ કરી યુવકનો સંબંધ ઉમર સાથે, કાળી કે સફેદ ચામડી સાથે, ધોળા કે કાળા વાળ સાથે નથી, તેમ જણાવ્યું હતું.

યુવક સંઘના ઉદ્દેશ સમજાવતાં જણાવ્યું કે જૈનોની ધાર્મીક, સામાજીક, અને આર્થીક ઉન્નતિના ઉપાયો શોધી સાધીને યોજવા, અને અમલમાં મુકવાનો છે. જૈન કોન્ફરન્સ ભરાતી, અને ઠરાવો કરી વિખરાઇ જતી, અને ઠરાવો માત્ર કાગળપરજ રહેતા, તેથી ઉપાયો યોજવા અને અમલમાં મુકવાપર ખાસ ભાર દેવામાં આવ્યો છે.

આજથી દસ વર્ષ પહેલાં ઇન્ડીઅન નેશનલ કોંગ્રેસ પણ ઠરાવો કરી વિખેરાઇ જતી, પણ દસ વર્ષથી મહાત્માજીએ કોંગ્રેસમાં ભાગ લીધા પછી તે ઠરાવો અમલમાં મુકવાનો ભગીરથ પ્રયત્ન થયો, ત્યારથીજ કોંગ્રેસ એક જીવંત સંસ્થા બની છે. રાષ્ટ્રીય ઉન્નતિ, અને જૈનોની ઉન્નતિને ગાઢો સંબંધ છે, તેને દાખલા દલીલો સાથે સમજાવતાં ચાલુ પરિસ્થીતિનું ધ્યાન આપી રાષ્ટ્રીય પરાધીનતાથી થતા નુકસાન તરફ ધ્યાન ખેંચી રાષ્ટ્ર એ મુળ છે, તેને પોષણ મળવાથી ડાળા, પાંદડા આપોઆપ નવપલ્લવિત થશે, તેથીજ રાષ્ટ્ર હિત સાચવી ઉપાયો યોજવા અને અમલમાં મુકવા પર ખાસ ભાર દેવામાં આવ્યો છે. જે નાની નાની કોમો પણ કોમી ચુંટણીની માંગણી કરે તો રાષ્ટ્રીય ઐકયતાને કેવી રીતે ધોકો પહોંચે વીગેરે દલીલોથી સમજાવી, વિશાળ દ્રષ્ટીથી રાષ્ટ્રહીત ધ્યાનમાં રાખીનેજ ઉપાયો યોજવા અને અમલમાં મુકવા પર ધ્યાન ખેંચ્યું હતું.

જૈન કોમની પુર્વેની જાહોજલાલીનો ઉલ્લેખ કરતાં રાજદ્દારી ક્ષેત્રમાં જૈનાચાર્યો તેમજ જૈનો જે આગળ પડતો ભાગ લેતા હતા, તેના દ્રષ્ટાંત આપતાં હેમચંદ્રાચાર્ય, ને કુમારપાળ, હીરવિજયસુરી ને સમ્રાટ અકબર, ભામાશા ને રાણા પ્રતાપ, વિગેરેના દ્રષ્ટાંતો આપી જૈનોના અત્યારના રાજદ્દારી પછાતપણા તરફ ધ્યાન ખેંચી રાજદ્દારી પ્રવૃત્તિમાં ઝુકાવવા આગ્રહ કર્યો હતો.

યુવક સંઘના આત્મ નિવેદન પર બોલતાં વિચાર સ્વાતંત્ર્ય એ સામાજીક પ્રગતિની મુખ્ય ચાવી છે, અગાઉ સ્વતંત્ર વિચારકોનો તેને વધ કરી સંઘ બહારનું શસ્ત્ર અજમાવવાથી કેટલી હાની થઇ હતી, તથા સમાજની પ્રગતિ અટકી પડી હતી, તેના દાખલાઓ આપી સમજાવ્યું હતું.

સમાજની આર્થીક બાબત પર બોલતાં સંઘ વિગેરે કાઢવાનો અગાઉ શો આશય હતો, તે સમજાવી, સંઘવી પોતે તો લાખ રૂપીઆ ખર્ચે છે, પણ તેથી ઘણુ ગણા પૈસા જુદા જુદા ગામોના સંઘો મારફતે સ્વાગત, વરઘોડા, સ્વામી વાત્સલ્ય વિગેરેમાં ખર્ચાય છે, અત્યારે સગવડભર્યા રેલ્વેનાં સાધનો હોવા છતાં દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, અને ભાવ લક્ષમાં રાખ્યા વિના પૈસાનો આવી રીતે વ્યય કરવો, તે વધુ પડતો ગણાય. અત્યારે તો જૈનોની આર્થીક દશા સુધારવા માટે હુન્નર ઉદ્યોગ, કેળવણી વીગેરેમાં આવા (વેડફાઇ જતાં) વધુ પડતા ધનનો ઉપયોગ કરવામાંજ સમય ધર્મ છે, સમાજનો જે પૈસો મનસ્વી પણે અંધશ્રદ્ધાથી બરબાદ થાય છે, તે અત્યારની જૈનોની ભયંકર બેકારી ધ્યાનમાં લઇને, બાજબી ક્ષેત્રોમાં ઉપયોગ નહી કરવામાં આવે તો યુવાનો હવે હરગીજ નહીંજ સાંખે.

જૈનોના ત્રણે ફીરકાના ઐકયપર ભાર દેતાં જણાવ્યું કે આપણે શ્વેતાંબર, દીગંબર, સ્થાનકવાસી તેમાંય અનેક ગચ્છો; વાડાઓ વિગેરેમાં આપણે વહેંચાઇ ગયા. જે આપણા બધા ભાઇઓ ચોવીસ તિર્થંકરોનેજ માને છે, મુખ્યતઃ કશોજ ભેદ નથી, તિર્થોનાં ઝગડાઓ જેવી નાની નાની વાતોને મોટું સ્વરૂપ આપી આપણી શક્તિઓ કેવી રીતે વહેંચાઇ ગઇ તે પર દ્રષ્ટાંતો આપી હવે તડજોડ કરી પ્રેમભાવે એકત્ર થઇ સંગઠન કરવાનો યુગ આવી પહોંચ્યો છે. આજના યુવકોએ આ બાબત તાકીદે ઉપાડી લઇ જુદા જુદા વિભાગોમાં વહેંચાઇ ગએલી શકતીઓને એકત્ર કરવા સમય ધર્મ સમજી કટીબદ્ધ થવા આગ્રહ કર્યો હતો.

બાળ લગ્ન, વૃદ્ધ વિવાહ કન્યા વિક્રય, વરવિક્રય મરણુ પાછળ જમણુ, વિધવાઓની અવદશા વિગેરે હાનીકારક રીવાજો સામે અસહકાર કરવા તથા તેને દુર કરવાનો તનતોડ પ્રયત્ન કરવા ભારપુર્વક આગ્રહ કર્યો હતો; વળી ધર્મના નામે ચાલતા દંભ પર વિવેચન કરતાં આજે તો મહાવીર જયંતીઓ દાંડીઆ રાસ કન્યાઓના સંગીત વીગેરેથી ઉજવાય છે, ફલાણી કન્યાએ સુંદર ગાયું, ને ફલાણા છોકરાએ દાંડીઆ રમતાં ઠીક ચલાવ્યો હતો, વિગેરે હલકી મનોદશા તરફ ધ્યાન ખેંચ્યું હતું; મહાવીર પ્રભુ જેવા મહાન પુરૂષની જયંતિ ગંમ્મતનો વિષય નજ હોઇ શકે. મહાવીર જયંતિ તો તે મહા પુરૂષનાં જીવન સંબંધે સંપુર્ણ ગંભીર પણે વિચારો કરી, તેમણે બતાવેલા માર્ગે જવાને માટે ભીષ્મ પ્રતિજ્ઞા લઇનેજ ક્રમસર આપણો વિકાશ સાધવામાંજ મદદગાર બનાવવી જોઇએ.

સાચા ત્યાગી સાધુનો હું ગુલામ છું, તેની દુનીઆને હમેશા જરૂર રહેવાનીજ. અગાઉના જૈનાચાર્યોથી ધર્મ, સાહિત્ય વીગેરેથી જે સેવા કરવામાં આવી છે, તેના દ્રષ્ટાંતો આપી સમજાવ્યું હતું. અત્યારની સાધુ પરિસ્થિતિપર આવતાં કેટલાક અંધશ્રદ્ધાળુ શેઠીઆઓ અને અમુક સાધુઓની ભાગીદારીનો સંબંધ બતાવી, દીક્ષાના નામે કુડા ભેકડાં કર્યાં હોય, અનેક પ્રપંચો રચી ચોરી છુપીથી છોકરાઓને ઉપાડી જવા, સંતાડવાનો ધંધો લઇ બેઠેલાઓ, જ્યાં જ્યાં એમના પનોતા પગલાં પડે ત્યાં ત્યાં આખા સમાજમાં કુસંપની આગ સળગાવનારા, સંઘને હાડકાનો માળો કહેનારા, બ્હાચાર્યોને ઉંચકી ફેંકી દેવા નવ જુવાનોને પડકાર કર્યો હતો.

સાધુઓમાં કોઇ નાયકજ નથી. શિષ્ય ગુરૂનું ના માને તે સંબંધી લાલબાગનો દાખલો આપીને આગળ કહ્યું હતું કે જો સમય પ્રમાણે ફેરફારો કરી યોગ્ય વ્યવસ્થા કરી અથવા કરાવી આપવામાં નહી આવે, તો જૈનો જેવી આદર્શ સાધુ સંસ્થાનું અધઃપતન થતુંજ જશે. યુવાનોએ હવે માત્ર વેશને માન નહી આપવાનો, પણ ગુણનેજ પુજવાનો નિશ્ચય કર્યો છે.

અયોગ્ય દીક્ષા સંબંધી બોલતાં દીક્ષાના નિયમોનો ઉલ્લેખ કર્યો હતો. સાધુ સંસ્થાનેજ આજના નવજુવાનો નાશ કરવા ઇચ્છે છે, એવા ખોટા આક્ષેપ કરનારા હડહડતા જુઠ્ઠા છે; સાચી ભાગવતી દીક્ષા હમેશાં પુજનીયજ છે, અને રહેશેજ.

યંગમેન્સ જૈન સોસાયટી તે જુવાનોના નામ હેઠળ ઉપસ્થીત થએલી લેભાગુ સંસ્થા છે. કેટલાક ખુશામતીઆઓની પ્રપંચી પેટ ભરનારાઓની અથવા ભોળા અંધશ્રદ્ધાળુઓની, ચેલાઓ મુંડવાના મેનીઆ વાળા સાધુઓની “ જીહા ” કરનારી સંસ્થા છે. મુંબઇમાં આ સંસ્થા દુધપાકીઆ સોસાયટીના નામે ઓળખાય છે. હાલના બેકારીના વખતમાં કેટલાક ફેરીઆઓ મુંબઇમાં લાલબાગમાં રામજી પ્રેમજીની પેઢીમાં જોડાઇ ભીખારા કામે લાગી ગયા છે. ખોટા દંભોને સ્પષ્ટ રીતે જાહેર કરવાને માટેજ મુંબાઇ યુવક સંઘની સ્થાપના થઇ હતી, અને તેજ ભાવનાથી ગામેગામ યુવક સંઘો સ્થપાતા જાય છે, તે જૈન સમાજની જાગ્રતિની નિશાની છે, દરેક સાચા યુવકની ફરજ છે કે સત્ય સ્વાર્થત્યાગ, નિડરતા અને સેવાભાવનેજ લક્ષમાં રાખી પ્રજામત કેળવવા તથા દંભ અને પાખંડનો સામનો કરવા કટીબદ્ધ થવું. સત્ય તમારા પક્ષમાં છે, તો કોઇની તાકાત નથી કે તમારો વાળ વાંકો કરી શકે; એટલું કહી ખંભાતના યુવક સંઘની ફતેહ ઇચ્છી હતી. ત્યારબાદ શ્રીયુત ભાઇશ્રી મણીલાલ મોહકમચંદે જણાવ્યું કે જૈન યુવાનોને જ્યાં દંભ યા પાખંડ લાગે, ત્યાં સામનો કરવોજ, એ યુવકોની ફરજ છે, નવો ફીરકાઓના ઐક્યપર વિવેચન કરી અંતરીક્ષજીના ઝઘડાનું દ્રષ્ટાંત આપી પૈસાની બરબાદી કરી જીત્યા તે પણ હાર્યા સરખુંજ છે, તેના કારણો જણાવ્યાં હતાં. અને ખંભાતની ચારે ગ્નાતિના ઐક્યને માટે ખાસ આગ્રહ ભરી અપીલ કરી હતી. અયોગ્ય દીક્ષા સંબંધી સંબાણુથી વિવેચન કરતાં જણાવ્યું કે આજે એક માણુસ ચોર, વ્યભિચારી ઇત્યાદી હોય અને કાલે સવારે સાધુના કપડાં પહેરે, અને આચાર નહી પાળી શકવાથી ભાગી જાય, અને તેથીજ પરિક્ષા કર્યા સિવાય પવિત્ર ભાગવતી દીક્ષા લઇ અયોગ્ય માણુસો ઘુસી જઇ સાધુ સંસ્થાને હાંસીપાત્ર બનાવે, ઇત્યાદી કારણોએ કરીને અયોગ્ય દીક્ષાનોજ આપણો વિરોધ છે. કોઇપણ જૈન શાશ્વતી ભાગવતી દીક્ષાનો વિરોધી હોઇ શકેજ નહી.

ત્યારબાદ તેમણે સંઘ સત્તા, તથા સાધુ સત્તાનું સ્પષ્ટીકરણ કરી સંઘ સત્તાની મહત્તા સાબીત કરી બતાવી હતી, અને મનસ્વીપણે ચતુર્વિધ સંઘની વ્યાખ્યા કરનારાઓની ઝાટકણી કાઢી હતી.

ખંભાતની પુર્વેની જાહોજલાલીનું બ્યાન કરી આજની આર્થિક અવદશાનો ખ્યાલ કરાવી છેવટે યુવાનોને પ્રગતિ શીલ થવા હાકલ કરી કે કુંભકર્ણની નિંદ્રા ત્યાગી- નિડરતાથી આગળ ધપો, સત્યનો સદા જય થાય.

છેવટે ઉપસંહાર કરતાં પ્રમુખ સાહેબે બંન્ને વકતાઓએ યુવક સંઘના ઉદ્દેશો તથા આત્મ વિવેકનનું જે સ્પષ્ટત.થી વિવેચન કર્યું છે, તેને દરેક ભાઇએ વિચારી, આચારમાં મુકવા અપીલ કરી હતી.

ખંભાતના જૈનોની કેળવણી વિષયક પછાતપણા માટે બોલતાં આચાર્ય શ્રી વિજયનેમીસુરીજીએ સ્ત્રી કેળવણીના પ્રચારાર્થે જે જૈન કન્યાશાળા સ્થાપી હતી, તેને માટે કન્યાશાળાને લાયકનું સ્વચ્છ મકાન નથી, સ્ટેટ તરફથી માસીક પીસ્તાળીસ રૂપીઆની ગ્રાંટ મળે છે, તો નભે છે. આપણે જમણો વિગેરેનો નિરર્થક ખર્ચ ઓછો કરી આવી કન્યા-કેળવણી જેવી સંસ્થાને મદદ આપી સારા પાયા પર લાવવા અપીલ કરી હતી. જૈન પ્રજામાં કેળવણી હશે તો આપોઆપ અંધશ્રદ્ધા દુર થઇ ઉન્નતિનો માર્ગ ખુલો થશે. બન્ને વિદ્વાન વકતાઓએ કહ્યું છે, તે પ્રમાણે નિડર બની તથા ચારિત્ર્ય શિલ થઇ સત્ય પંથે પ્રયાણ કરવા આગ્રહ ભરી અપીલ કરી હતી.

છેવટે શેઠ દીપચંદ પાનાચંદે મુંબાઇથી ખાસ પધારેલ બંન્ને વકતાઓનો તથા પ્રમુખ સાહેબનો આભાર માની સાડાનવ વાગે સભા બરખાસ્ત થઇ હતી.

રાયચંદ એચ. ઝવેરી.

---

આ પત્રિકા ધનજી સ્ટ્રીટમાં આવેલા જૈન ભાસ્કરોદય પ્રેસમાં મનસુખલાલ હીરાલાલે જમનાદાસ અમરચંદ ગાંધી (તંત્રી) માટે છાપી, અને તેણે જૈન યુવક સંઘ માટે પ્રીન્સેસ સ્ટ્રીટ મનહર બીલ્ડીંગમાંથી પ્રસિદ્ધ કરી. મુંબઇ, નં. ૨

યુવાન નવ સૃષ્ટિનો સરજનહાર છે.

કાર્તક પૂર્ણિમા. Reg. No. B. 2616

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રીઃ—જમનાદાસ અમરચંદ ગાંધી.

અંક ૧૧ મો. | સંવત ૧૯૮૬ ના કારતિક શુદ ૧૫ શનીવાર તા. ૧૬-૧૧-૨૯ | લવાજમ છુટક નકલે અડધો આનો.

## યુવક સંમેલન.

શ્રી. યુવક સંઘની મેનેજીંગ કમીટીએ યુવક સંમેલનના મુદ્દા ઉપર ચર્ચા કરી હાલના વાતાવરણમાં તાત્કાલીક સંમેલન ભરવાના વિચારને મુલતવી રાખેલો છે. તેને બદલે એક પ્રાથમીક સભા પોષ વદમાં યુવક સંઘના એક જાહેર મેળાવડા પ્રસંગે બોલાવવાનો વિચાર કર્યો છે. તે પ્રાથમીક સભામાં સમાન ઉદ્દેશવાળા જૈન યુવકોના મંડળોના પ્રતિનિધીઓને ભાગ લેવા આમંત્રણ કરવાનું નકી કર્યું છે. પ્રાથમિક સભામાં યુવક સંઘની મેનેજીંગ કમીટી અને બહારગામના પ્રતિનિધીઓ સમાજનાહિતના પ્રશ્નો ઉપર વિચાર કરી ઠરાવો પસાર કરે તે ઠરાવ કમીટી પ્રાથમીક સભાના આગલા દિવસે ભરવામાં આવશે. બીજે દિવસે જાહેર સભામાં ઠરાવકમીટી તરફથી થયેલા ઠરાવો વાંચી સંભળાવવા અને ઠરાવો ઉપર યોગ્ય ભાષણો કરવામાં આવશે. યુવક સંમેલન મોટા પાયા ઉપર ભરવા સંબંધીના પ્રશ્નનો પણ વિચાર તે પ્રસંગે કરી શકાશે. આવી પ્રાથમીક સભાથી યુવકોના વિચારની આપ લે થશે. યુવકોની મનોદશા સમજાશે. યુવક સંમેલન ભરવા સબંધીની કાચી રૂપરેખા તૈયાર કરી શકાશે, આવતા વર્ષમાં યુવકોના મંડળોએ હવે પછીનો શો કાર્યક્રમ રાખવો જેથી યુવકોના ભેગા બળનો કોમહિતમાં ઉપયોગ થઇ શકે તે વિચાર પણ થઇ શકશે. સમાન ઉદ્દેશવાળા મંડળોનો સ્વીકાર શ્રી જૈન યુવક સંઘ કરવા વિચાર રાખે છે. પત્રિકામાં મંડળોના સ્થાપનની હકીકત પ્રસિદ્ધ થઇ છે પણ દરેક મંડળના ઉદ્દેશો પ્રસિદ્ધ થયા નથી. મંડળના કાર્યવાહકો તાકીદે પોતાના ઉદ્દેશની કોપી યુવક સંઘના મંત્રીઓ ઉપર મોકલી આપે તો મંડળોના સ્વીકારના પ્રશ્નનો જલદી ઉકેલ થાય, એટલે મંડળોનું લીસ્ટ નકી થઇ જવાથી યુવક સંઘ રીતસર આમંત્રણ મોકલી શકે, હવે ઠરાવોની રૂપરેખા સંબંધી વિચાર કરવાનો રહ્યો, યુવક સંઘની મેનેજીંગ કમીટીએ માગસર વદ [illegible] સુધીમાં એક ખરડો ઠરાવનો ઘડી કાઢવો જોઇએ. દરમ્યાન જુદા જુદા મંડળો પાસે ઠરાવ સંબંધી સુચના માગવી ને ખરડો ઘડવા પ્રસંગે તે સુચનાઓ વિચારમાં લેવી, ઠરાવનો ડ્રાફ્ટ યુવક સંઘ તરફથી મોકલવામાં આવે તે પછી દરેક મંડળોએ પોતાની જનરલ મીટીંગ બોલાવી તેની ઉપર ચર્ચા કરવી. જેથી કરીને મંડળના પ્રતિનિધીઓ જેઓ અત્રે હાજર થાય તે મંડળના વિચારો ઠરાવ કમીટી પાસે રજુ કરી શકે. એટલે ઠરાવ કમીટીના ઠરાવો જુદા જુદા મંડળોના એકત્ર અવાજ તરીકે ગણી શકાય હવે ઠરાવો સંબંધમાં વિચારો ટુંકામાં જણાવશું. કોન્ફરન્સો તથા પરિષદો ઘણી ભરાઇ ગઇ ને તેથી કોમને વધતો ઓછો લાભ થયો છે તેની કોઇ ના પાડી શકે તેમ નથી. પણ હવે સમાજ યુવકો પાસેથી અમલી કામ માગે છે. યુવકો જે વિચારો પોતે ધરાવતા હોય, તેનો પ્રસંગોપાત અમલ કરે ને કોમને વ્યવહારૂ માર્ગદર્શક થાય તોજ ઉદ્દામ વિચારોમાંથી કાંઇ પણ ફળ બેસી શકવા સંભવ છે. આપણી ઘણી વિચારની ઉચ્ચતા છતાં વર્તનમાં આપણે જ્યાં હતા ત્યાંના ત્યાંજ રહીએ તો તે વિચારો સારા છે એમ લોકો કદાચ કહે પણ અનુકરણનો ખ્યાલ કોઇ કરે નહિ. સ્વતંત્ર વિચાર ને તે અમલમાં મુકવાની પ્રતિજ્ઞા યુવકો ન લે ત્યાં સુધી કોમના હિતમાં સહજ પણ વૃધ્ધિ થવાનો સંભવ નથી. આ મુદ્દા ઉપર લક્ષ રાખી ઠરાવો બની શકે તેટલા ઓછા કરવા. ઠરાવો બે પ્રકારના હોઇ શકે. કેટલાક ઠરાવો મત પ્રદર્શક હોઇ શકે ને બીજા ઠરાવો અમલ કરવા લાયક હોઇ શકે. અમલ કરવાના ઠરાવોને અંગે ઠરાવ કમીટીમાં ભાગ લેનાર મંડળના પ્રતિનિધિઓ પોતપોતાના ક્ષેત્રમાં તે તે ઠરાવોને લગતી બાબતોને અંગે પહેલેથી માહિતગારી મેળવવી જોઇએ, ખાલી ચર્ચાઓ અગર આધાર વગરની ટીકાઓ કોઇપણ પ્રકારનો ફાયદો કરશે નહિ. માટે આંકડા ને વીગતો મેળવવાના પ્રયાસ યુવકોએ અવશ્ય કરવા.

(૧) કેળવણીની વૃદ્ધિ માટેના સાધનો માટે વિચારણા (૨) સખાવતોના ઉપયોગ સંબંધી ચર્ચા (૩) હાનિકારક રીવાજો ને તે દુર કરવા માટે વ્યવહારૂ પ્રયાસ (૪) અયોગ્ય દીક્ષા (૫) જાહેર સંસ્થાઓના હિસાબની ચોખવટ (૬) સંઘ સત્તા ને તેનું બંધારણ. આટલા પ્રશ્નો ઠરાવ કમીટીમાં ચર્ચવામાં આવે તો હાલ તરત ઉચિત ગણાશે. આ સંમેલન પોશ વદમાં બોલાવવાનો વિચાર નકી કર્યા પછી કોન્ફરન્સની બેઠક જુન્નેરમાં માહ વદ આસપાસ ભરવાનું લગભગ નકી થયું છે. યુવકોએ કોન્ફરન્સમાં ભાગ લઇ બેઠકને ફતેહમંદ બનાવવામાં ફાળો આપવો જોઇએ. યુવકો પોશ વદમાં પ્રાથમિક સભામાં ભાગ લેવા મુંબઇ આવે ને માહ વદમાં જુન્નેરમાં હાજર થાય તે બની શકે નહિ. યુવકોને માથે બેવડા ખર્ચનો બોજો પડે એટલે યુવક સંઘની મેનેજીંગ કમીટી સમયનો ફેરફાર કરી માહ વદ રાખે તે ઇચ્છવા યોગ્ય છે. આ પ્રાથમિક સભાની ઉપયોગીતા કોન્ફરન્સની બેઠક ભરાતી હોવાને લીધે વધારે કાર્ય સાધક નીવડશે. કોન્ફરન્સની બેઠકમાં ચર્ચાના સવાલોને અંગે યુવકોએ શું વલણ લેવું તે પ્રાથમિક સભામાં નક્કી કરી શકાશે. ઠરાવોની વિશેષ ચર્ચા હવે પછી.

# જૈનોનો સામાજીક દરજ્જો.

( લેખકઃ—મહારાષ્ટ્રીય જૈન )

હાલમાં બાલદીક્ષા પ્રકરણને અંગે જે ખળભળાટ જૈન બંધુઓમાં જાગ્યો છે તે ઉપરથી આગળ જૈન સમાજનું શું થવાનું છે તેનો કોઇ અંદાજ કરી શકે તેમ જણાતું નથી. અમુક વરસે દીક્ષા અપાય કે કેમ એવા પ્રશ્નો ઉપસ્થીત કરી કેવળ બાલીશતા અને શાસ્ત્રકારોનાં હેતુઓનું અજ્ઞાન પ્રગટ કરવા શીવાય બીજું કાંઇ પણ કોઇએ મેળવેલું જણાતું નથી. શાસ્ત્રો જોવાનો ગ્રહસ્થોને અધીકાર નથી એવી એક તરફ વાતો કરવી અને બીજી તરફ શાસ્ત્રોના ફકરાઓ મરડી મચડીને અપૂર્ણ રૂપમાં પ્રગટ કરી લોકોની આગળ હાઉ રૂપે ખડા કરવા એ વિચિત્ર ન્યાય છે. તેનું છેવટ શું આવશે એ ખુલ્લું જણાય છે. સમાજમાંથી જેમ જેમ અજ્ઞાન દૂર થશે, શાસ્ત્રીય ચર્ચાનું રહસ્ય લોકો સમજવા લાગશે, તેમ તેમ જોહુકમી અને અંધશ્રદ્ધા નષ્ટજ થવાની. અને ધર્મીવર્ગના નામે ઓળખાતો વર્ગ થોડાજ દહાડામાં અધર્મી (?) વર્ગમાં દાખલ થઇ જવાનો; આ કુદરતી ન્યાય છે એમાં નવાઇ જેવું કાંઇ નથી.

અમોને જૈનોના સામાજીક વ્યવહાર માટે કેટલાએક પ્રશ્નો ઉપસ્થીત થાય છે તેની જાહેર ચર્ચા થાય તો ઘણો લાભ થશે એમાં શંકા નથી. જૈનોમાં ત્યાગમાર્ગી સાધુઓ શીવાય સંસારી ગૃહસ્થો શ્રાવક તરીકે છે ને તે શાસનનું મોટું અંગ છે એમાં કોઇ ના પાડી શકશે નહીં. પણ તે અંગ માટે નીયમો, વ્યવસ્થા વિધી, નિષેધ નિગ્રહાનુગ્રહ કોણ કેવી રીતે કરી શકે તે માટેના શાસ્ત્રો કોઇ બતાવી આપી લોકોમાં પ્રગટ કરશે તો મોટો ઉપકાર થશે.

જૈન કુલમાં જન્મ લીધો તેથી જૈન એ માન્યતા હાલમાં પ્રચલીત છે. અન્ય ધર્મીમાંથી સાધુઓમાં કોઇક ભળી જાય છે. પણ ગૃહસ્થોમાં હાલમાં શા માટે ભળી શકતા નથી. તેનો જવાબ જોઇએ છે. અને ભળી શકે તેમ આધાર હોય તો તે ભગાવી લેવાના નિયમો કયા છે ને તેનો અમલ કોણ કરે તે જાણવાની જરૂર છે. શ્રાવકનો દીકરો જૈન શ્રાવક હોય પણ તેને કાંઇ ધાર્મીક સંસ્કાર છે કે નહી અને હોય તો તેનો અમલ થાય છે કે નહી તે થવાની જરૂર હોય તો તે કોનો અધિકાર છે અને તે અધિકારનો અમલ કયાં થાય છે તે જાણવાની ઘણી જરૂર છે. એવા સંસ્કારો બંધ હોય તો તેના કારણો શું છે અને તે સંસ્કારો ફરી શરૂ કરવાની જરૂર છે કે નહી તેનો ખુલાસો શાસ્ત્રના જાણકાર મુનિ મહારાજો કરશે શું? ધારો કે કોઇ અન્ય ધર્મી ગૃહસ્થને શ્રાવકપણાની દીક્ષા લેવાની ઇચ્છા છે તો તેના માટે અમારા પૂજ્ય મુનિમહારાજો પાસે કાંઇ વ્યવસ્થા છે શું? તેવા રીવાજ પહેલાં હોય તો તે બંધ કેમ અને કયારથી પડયો તેનો ઇતિહાસ કોઇ પ્રખર વકતા પોતાનાં વ્યાખ્યાનમાં આપશે શું?

જો અન્ય ધર્મી જૈન ધર્મ ઉપર રૂચી લાવે તો તેનો સામાજીક દરજ્જો કયો? તેના અધિકાર શું? તેની સાથે સ્વામીભાઇ તરીકે જમી શકાય કે કેમ? પહેલાં જૈનો ક્ષત્રિય હતા, એવી માન્યતા છે અને તેઓમાં પુર્વાશ્રમમાં કેટલાએક માંસાહારી હોય એ બનવાજોગ છે. ત્યારે તેમને જૈન કેવી રીતે કરી લેતા હશે? અને હાલમાં તેમ કરવામાં કાંઇ બાધ છે કે નહી તેનો ખુલાસો શાસ્ત્રાધાર સાથે પ્રગટ થવાની ઘણી જરૂર છે. કારણ હાલમાં શુદ્ધિકરણ અને સંગઠન દેશમાં પ્રચલીત છે ત્યારે જૈનોએ પોતાનો અધિકાર શું છે તે બતાવી આપવો જોઇએ, માટે અમારા પૂજ્ય મુનિરાજો આ વિષય ઉપર અજવાળું પાડશે એવી અમોને આશા છે.

ગૃહસ્થ હોય ત્યાં લગ્ન સંસ્કાર તો હોયજ. માટે જૈનોએ લગ્નમાં કેવી કન્યા લેવી અને કોને આપવી એના કાંઇ નિયમો છે કે નહી તે જાણવાની જરૂર છે. જૈનોના ધાર્મિક જીવનમાં જ્ઞાતિભેદ જેવું કાંઇ નથી. એવી વારંવાર વાતો સંભળાય છે તો તે બાબત ખરી હકીકત શું છે તે જાણવાની ઘણીજ અગત્ય છે. જ્ઞાતિ, પેટા જ્ઞાતિ, તડો દેશભેદ, ગ્રામભેદ, અને કાલ્પનિક ઉચ્ચ નીચ કલ્પના એ બાબત ખરો શાસ્ત્રનો આધાર બતાવી પ્રત્યક્ષ આચરણમાં મુકવાની કોઇ યોજના બતાવશે તો જૈન સમાજ ઉપર મોટોજ ઉપકાર થશે.

જૈનો હાલમાં ખાનપાનમાં જ્ઞાતિભેદ માને છે કારણકે ગમે તે માણસનાં હાથનું લોકો ખાતાં અટકે છે, તો કયા કયા લોકોના હાથનું રાંધેલું જૈનોને ખપે કોનું પાણી ચાલે કોણ રસોડામાં પેસી શકે તે બાબત કયા શાસ્ત્રમાં ખુલાસો છે તે જો પ્રગટ થશે તો ઘણી ગુંચવણોનો ઉકેલ થાય તેવો સંભવ છે.

જૈનોનું સામાજીક પતન જેવું કે અમુકના હાથનું ખાધું. અમુકને અડકી પાણી પીધું. અમુક અભક્ષ્ય ભક્ષણ કીધું તો તે માટે પ્રાયશ્ચિત કેવા પ્રકારનું હોય ને તે કોણ આપી શકે તેનો ખુલાસો થવાની જરૂર છે. મુસલમાનનું અડકેલું કોઇ પાણી પીએ અથવા જમી લે તો શાસ્ત્રમાં પ્રાયશ્ચિત કે દંડ તો જરૂર હોવો જોઇએ ને બતાવવા અમારા આગમોદધિ મહાસાગર મુનિરાજો બતાવવાની તસ્દી લેશે તો ઘણો ઉપકાર થશે. સગાઇ તોડવી, લગ્ન ના કબુલ કરવા અથવા લગ્ન સંબંધી અનેક દોષો ઉત્પન્ન થાય છે તે બાબત કયાં કયા પ્રકારના પ્રાયશ્ચિત છે તે પ્રગટ થવાજ જોઇએ. અમુક મુનિ મહારાજ અમુક માણસને સંઘ બહાર કરે એવી બાલીશતા કે ખટપટ હવે પાલવે તેમ નથી. જયારે વારે ઘડી શાસ્ત્ર અને આગમ ને આગળ ધરવા એવો હાઉ બતાવી બીવરાવવા જેટલો સમાજ ભોળો હવે નહી રહે એ નક્કી સમજી રાખવું. હવે તો પ્રત્યક્ષજ બતાવવું પડશે. મૃત્યુ સંસ્કારમાં પણ સૂતકમાં નિયમો કેવી રીતે પળાય અને જે ન પાળે તેને દંડ કેવો અને કોણ કરી શકે તે બતાવશો તો ઘણું સારૂં. ફક્ત દીક્ષા દીક્ષા કરી લોકોમાં કોલાહલ કરવા કરતાં આવા સમાજને સ્થિર કરવાના અને સમાજનો દરજ્જો વધારવાના સવાલો ઉપર અમારા મહાન આચાર્યો પોતાનું વકતૃત્વ પ્રગટ કરશે તો શું ખોટું થશે? જૈનોના વંશ પરંપરાગત હકો કયા પ્રકારના છે. હીંદુ ધર્મશાસ્ત્ર મુજબ હાલમાં કાયદો અમલમાં છે તે બદલી જૈન કાયદો અમલમાં લાવવાની જરૂર છે શું? હોય તો તે કોણ અમલમાં લાવે અને અત્યાર સુધી અમલમાં ન આવ્યો તેની જવાબદારી કોના ઉપર છે? સાધુઓ આ જવાબદારી તદન ફેંકી દેવા તૈયાર છે શું? એમ હોય તો તે બાબતનાં શાસ્ત્રો કોણે રચ્યા છે? તે મુનિરાજો હતા કે કેમ અને તેમને એવા શાસ્ત્રો રચવાનું કારણ અને અધિકાર કયાંથી મળ્યો તે મુનિ મહારાજાઓએ કાંઇ કર્યું નહી હોય તો તે કોનો અધિકાર છે તે બાબત ખુલાસો પુછવો જરૂરી નથી શું?

લગ્ન સંસ્કાર હાલમાં અન્યધર્મીઓના હાથે ને અન્યધર્મી દેવતાઓની સાક્ષીથી ને માન્યતાથી થાય છે. તો જૈન

( પેજ નંબર ૪ ઉપર જુઓ )

# કાર્તિક પૂર્ણિમા—દિક્ષાના દ્વાર આજે ઉઘડે છે.

## જૈન યુવકો! સાવધાન!!

"Be not like dumb driven cattle
Be a hero in the strife."

"યા હોમ કરીને પડો ફતેહ છે આગે."

(લેખકઃ-રા. મહાસુખભાઇ ચુનીલાલ–વીસનગર.)

મારા જૈન યુવાન બંધુઓ! ચાર માસથી દીક્ષાનાં દ્વાર બંધ થયેલાં હતાં તે આજે કારતક પૂર્ણિમાના દિવસે ખુલ્લાં થયાં છે. ચાર માસની શાંતિમાં આવેલી આળસને છોડી દઇ જાગ્રત થાઓ! સાવધ થાઓ! ચારે તરફ નજર કરો! અયોગ્ય દીક્ષાના હિમાયતી અને પોપશાહી ધારણ કરનાર આચાર્યો અને સાધુઓ, તથા તેમના અંધશ્રદ્ધાળુ ભક્તો અને દાંભિક બગલાઓ, ચાતુર્માસમાં સિદ્ધ અને સાધક બની તેમણે કરેલી ગુપ્ત તૈયારીનાં પરિણામ બહાર પાડશે. તમારે પણ તેમની સામે મોરચા બાંધવા પડશે.

પોતાની મેળે પોતાની જાતને શાસનપ્રેમી અને ધર્મી કહેવડાવનાર અયોગ્ય દીક્ષાના હીમાયતીઓ શાસ્ત્રના બ્હાના નીચે અયોગ્ય દીક્ષાને પણ ભાગવતી દીક્ષામાં ખોટી બેસાડી દીક્ષાના મહોત્સવો ઉજવવા, જૈન આગમોને અભરાઇ ઉપર ચઢાવી દઇ ક્રૂર અને ઘાતકી બની, ઉભા કરેલા દીક્ષાના ઉમેદવારોનાં માબાપ, સ્ત્રી અને સંબંધીઓને ઘેર કલેશ અને હાયપીટ કરાવી "કાગડાને મન રમત અને દેડકાનો જાન જાય" એવા ત્રાસદાયક બનાવો ઉભા કરી લ્હાવો લેશે. આ વખતે તમારે તેવી દીક્ષાઓ અટકાવવા કટીબદ્ધ થવું પડશે. પોતાની જાતને પંચ પરમેષ્ઠીના બાજુદાર અને અહિંસાના પુજારી કહેવડાવી હડહડતાં અધર્મના કામોનો આરંભ કરી દુનિયાને ઠગવાને નીકળશે. એવા ધર્મનો આડંબર રાખનાર દાંભિકોથી છેતરાશો નહીં. તેમની પાસે છળ કપટ, ઠામ સાધી લેવાની કુનેહ અને તાલબાજી, બગડગ જેવી ઠગવાની ઠગ વિદ્યા, પૈસાથી ફોડવાની, ધર્મના ઓઠાનીચે જુઠું બોલવાની અને દીક્ષાની પ્રપંચજાળ પાથરવાની ચાલાકી રહેલી છે. તેમની પાસે અયોગ્ય દીક્ષાના કામે ખરચ કરવાનાં ફંડો-પૈસા છે. આ બધી પરિસ્થિતિ ધ્યાનમાં લઇ તમારે કામ કરવાનું છે. તેમની બગભક્તિથી અને મીઠી મીઠી વાણીથી ભોળવાશો નહીં. તેમના વચનથી ઠગાશો નહીં. સાધુ છે માટે જુઠું ન બોલે બાર વ્રતધારી શ્રાવક છે માટે છળ કપટ ન કરે એ માન્યતા હવે મનમાંથી કાઢી નાખી કામ લેશો તો ફાવી શકશો, કારણ કે હવે તો કેટલાક સાધુઓમાં સાધુપણું નથી. અધર્મને ધર્મ બનાવી, હિંસાને અહિંસા માની, પાપને પુણ્ય ગણી ધર્મનો ઢોંગ રાખી ભોળી જનતાને છેતરે છે એ વાત ભુલી જશો નહીં.

મારા પ્રિય યુવકો! તેઓ હડહડતી અયોગ્ય ત્રાસદાયક અને જુલ્મી દીક્ષાને ભાગવતી દીક્ષા કહી તેવી દીક્ષા આપવા તૈયાર થાય ત્યારે તમે સંભાળજો! જો જો! સાવધ રહેજો! ભુલથાપ ન ખાઓ! બદલ દેખાવમાં સગાં સંબંધીઓની ખોટી ખોટી જાહેરાતો નીકળશે, દીક્ષાના ઉમેદવારોની ઉમેદવારીની પત્રિકાઓ પણ પ્રકટ થશે. પૈસાના બળે બનાવટી બાપ, માં, કાકા, મામા ઉભા કરી તેમને સાથે રાખી દીક્ષા આપી આખી દુનીયાને ઠગવાની તે લોકો ગુપ્ત રીતે ચાલબાજી રમશે. દીક્ષાના બખાડાઓમાં યુક્તિ પ્રયુક્તિઓ રચાશે. માટે એવાં બનાવટી સગાંનો પણ તપાસ પુરેપુરો કરજો. છપાયેલી પત્રિકાઓમાં કે પત્રોમાં સહી કરનાર પોતેજ છે કે બીજા કોઇ ભળતાજ માણસો છે તેની પરીક્ષા કરજો. સહીઓ કરનાર ખરા ઉમરથી સહી કરનાર છે કે લાંચ, લાલચ, સમ્પ્રદાય કે ધમકીથી કરનાર છે તેનો વિચાર કરજો.

યુવાન બંધુઓ! તે લોકો બંધારણ પૂર્વક દીક્ષાનું કામ લઇ બેઠા છે. ખરચ માટે ફંડ અને અંધશ્રદ્ધાળુ શ્રીમંતોની મદદ છે. તેમાંથી પગારદાર નોકરો કામ કરી રહ્યા છે, કોઇ લેખો લખે છે તો કોઇ પડદા પાછળ રહી છાપાં છપાવે છે, કોઇ રેલગાડીમાં દોડાદોડ કરે છે તો કોઇ બેઠે બેઠે પ્રપંચ જાળો ગુંથ્યા કરે છે. આવા તેમના દીક્ષા તંત્રને તોડી નાખવા તમારે તમારી તાકાદ ઉપર ઝઝુમવાનું છે અને તમારા પગ ઉપર કુહાડો લેવાનો છે. જ્યાં અયોગ્ય દીક્ષાનો બનાવ બને કે ત્યાં તમે ધસો! અને એવી દીક્ષા અટકાવી સગાંના આશીર્વાદ મેળવો. જો જરૂર જણાય તો તેવી દીક્ષા અટકાવવા સત્યાગ્રહનું હથીઆર હાથમાં પકડો, તમારા બળનો ઉપયોગ કરો, મદદનો પોકાર થતાં મદદે દોડો, એકની સાથે અનેક જોડાઓ, "ઝાઝી કીડીઓ સાપને તાણે" એ સૂત્રને સ્મરણમાં રાખી સાથે જોડાઇ એક સંપથી કામ કરો. એવી અયોગ્ય દીક્ષાઓ અટકાવેજ છુટકો. અંગ્રેજ કવી લોંગફેલો કહે છે કે—

Not enjoyment and not sorrow
Is our destined end or way
But to act that each to morrow
Find us farther than to day.
In the world's broad bield of bait'e
In the bivouac of life
Be not like dumb driven cattle
Be a hero in the strife.

અર્થાત્ આનંદ કે શોક એ આપણી જીંદગીનો ધ્યેય નથી પરંતુ આજ કરતાં કાલે વધેલા હોઇએ એવું કર્તવ્ય કરવું એ ધ્યેય છે. આ દુનિયાના વિશાળ રણક્ષેત્રમાં અને જીવનની છાવણીમાં મુગાં દોરવાયેલાં ઢોર જેવાં ન થતાં વિગ્રહમાં બહાદુર થાઓ.

કવી લોંગફેલોના આ બોધ હૃદયમાં કોતરી રાખવા બરાબર છે. પ્રિય યુવકો! તમને ખોટી રીતે અધર્મી, નાસ્તિક, અંગારા, ધર્મદ્રોહી વીગેરે અનેક અપમાનકારક શબ્દોથી વગોવી દુરાચારી, ઢોંગી અને પતિતોને પોષી પોતાની દુનિઆને અને ભક્તોને ધર્મી, શાસન પ્રેમી, આસ્તિક વીગેરે શબ્દોથી વધાવી પોપશાહી ધારણ કરનાર કેટલાક સાધુઓ અને આચાર્યો જૈનોમાં બળવો જગાડી રહ્યા છે. તેમની પોપશાહી તોડવા ખડે પગે રહો, તમારા મનોબળને પૂર જોરથી જાગ્રત કરો. યુવકો! સાવધ થાઓ! નીચેની નર્મદ કવિની વીરરસની કવિતા યાદ કરો—

સહુ ચલો જીતવા જંગ બ્યુગલો વાગે,
યા હોમ કરીને પડો ફતેહ છે આગે.
સાહસે કોલંબસ ગયો નવી દુનિયામાં,
સાહસે નેપોલીઅન ભીડ્યો યુરપ આખામાં,
સાહસે લ્યુથર તે થયો પોપની સામો,
સાહસે સ્કોટે દેશું તે વાળ્યું જોતામાં,
સાહસે સીકંદર નામ અમર સહુ જાગે,
યા હોમ કરીને પડો ફતેહ છે આગે.

( અનુસંધાન પાના ૨ થી )

માન્યતા વિધિવિધાન કેમ શરૂ કરી શકતા નથી અને તે બાબત જવાબદારી કોના ઉપર છે તે અમારા પૂજ્ય મુનિરાજો જણાવશે એવી અમે અપેક્ષા કરીયે તો ખોટી છે શું? કે અન્ય ધર્મીઓ રીવાજો અમોએ ચલાવે જવા એ બાબત શું કહેવા માગો છો?

ત્યાગ માર્ગની કોઇ પણ નિંદા કરતું નથી. ત્યાગીઓને તો લોકો પગેજ લાગે છે. રાજકીય ત્યાગી મહાત્માઓને લોકો પૂજ્ય માને છે તો ધર્મના ત્યાગી મુનિરાજોની નિંદા કોણ કરી શકે? પણ તેની અતિરિક્ત પ્રવૃત્તિ જોવામાં આવે છે ત્યારેજ દરેકને તેની ઘૃણા આવે છે. એમાં દીક્ષાનો દોષ નથી, શાસ્ત્રનો દોષ નથી, તીર્થંકરોનો નથી પણ કેવળ શાસ્ત્રોને મરડી મચડી પોતાની સ્વાર્થી કલ્પનાને પોષવાની અજ્ઞાનજન્ય પ્રવૃત્તિ છે અને એટલા માટેજ ક્ષોભ થયો છે. તે ક્ષોભ શાંત કરવો હોય તો મનુષ્યોના દરેક વિચારો વિકારો અને પ્રવૃત્તિના નિયમો મર્યાદીત રીતે બતાવવા પડશે. અમોને માનો એમ કહેવાથી ફક્ત આંધળા ગધ્ધાં ગાડવાં ભક્તો પણ મ્હોં પુરતું બોલવા માટે સાનરો.

અમોએ પુર્વોક્ત જે શંકાઓ કાઢી છે તેનો જવાબ આખા સમાજના કલ્યાણ માટે કોઇપણ મુનિ મહારાજ પ્રગટ કરો એવી અમારી અપેક્ષા છે. અમોને ગૃહસ્થીઓથી કામ નથી એવું કહેશો તો અનેક વિરૂદ્ધ પ્રશ્નો ઉપસ્થિત થશે માટે ખરી હકીકત પ્રગટ કરવા વિનંતિ છે.

## નોંધ અને ચર્ચા.

### શ્રી મુંબઇના શ્રી સંઘ તરફથી ( ? )

ગઇ તા. ૧૩-૧૧-૨૯ ના મુંબઇ સમાચારમાં શેઠ જીવતલાલ પ્રતાપશી વગેરે તરફથી એક હકીકત પ્રસિદ્ધ કરવામાં આવી છે, ને હકીકત હેંડબીલ દ્વારાએ પણ પ્રસિદ્ધ થઇ છે. "શ્રી મુંબાઇના જૈન સંઘ તરફથી ભુલેશ્વર લાલબાગ જૈન દેરાસરમાં અઠ્ઠાઇ મહોત્સવ તથા શાંતિ સ્નાત્ર ભણાવવાનું નક્કી થયું છે." આ હકીકત મુંબઇના જૈન સંઘે ક્યારે નકી કરી? સંઘની મીટીંગ ક્યારે બોલાવવામાં આવી હતી? સંઘપતિ (?) તેમાં હાજર હતા કે નહી? સંઘની મીટીંગની ખબર સકળ સંઘને આપવામાં આવી હતી કે? તપાસ કરતાં એમ માલુમ પડે છે કે આમાંની એક હકીકત બની નથી. તો પછી મુંબઇના શ્રી જૈન સંઘને નામે શામાટે આ હકીકત પ્રસિદ્ધ કરવામાં આવે છે? હેંડબીલ પ્રસિધ્ધ કરનારાઓ શું મુંબઇ જૈન સંઘના મુખત્યાર તરીકે નીમાએલા છે! તેની નીમણુંકની વાત પણ સમાજ જાણતી નથી. અમે હકીકતના ગુણ દોષને અંગે કે તેની ક્રીયાની જરૂરીઆતને અંગે અમે કાંઇ ચર્ચા કરતા નથી. પણ શ્રી સંઘે મંજુર કરેલી ન હોય તેવી હકીકત મુંબઇના શ્રી સંઘને નામે ગમે તે ગૃહસ્થો પ્રસિદ્ધ કરે સામે અમારો વાંધો છે.

### વીસમી સદીની ધર્મરસિક સોસાયટી–

ખંભાતની આ કહેવાતી ધર્મ રસિક સોસાયટીએ મુનિ રામવિજયજીનું નાવડું ન ડુબે તેટલા સારૂ પ્રથમ સંઘને નામે પાટણ તાર કરેલો પણ તેમાં જ્યારે પાછા પડવું પડયું ત્યારે હવે યુવક સંઘના સભ્યોને કન્યા ન આપવાનો ફતવો બહાર પાડયો છે; ને આપે તેને માટે હજાર ઘોલીઆનો દંડ ઠેરવ્યો છે. વાહરે વાહ વીસમી સદીમાં અસ્તિત્વ ધરાવતા ધર્મ રસિકો! તમારા આ ધાર્મિક કાર્યને કેટલા ધન્યવાદ દેવા? આજના યુવકો તમારા જેવા ધરાર પરેણોથી જરાપણ ગભરાય એમ રખે આશા રાખતા! તે જમાના વહી ગયા!

### ઝાંસા પત્રો:–

શાસન પ્રેમીઓનો જોર શોરથી દાવો કરનાર વર્ગમાં ધર્માંધતાનો અતિરેક થયો છે. એથીજ કહેવું પડે છે કે તેઓ ધર્મનો સ્વાંગ સજનાર મહા દંભીઓ છે. એ વાતની સાબિતિમાં ખંભાત અમદાવાદ અને ખુદ મુંબઇ જેવામાં ખૂન કરવાની ધમકીવાળા પત્રો લખાયા છે જે મોજુદ છે. આજના યુગમાં એવા હાઉથી ભાગ્યેજ કોઇ ગભરાય તેમ છે! છતાં લખનારના અંતર ઉકળાટનું ને તેમાં બળતી રહેલા દ્વેષાગ્નિનું સુંદર માપ નિકળે છે.

### અમદાવાદ જૈન યુથલીગ.

અમદાવાદ જૈન યુથલીગના બંધારણમાં વાર્ષિક મીટીંગમાં ફેરફાર કરવામાં આવ્યો છે. સભ્યને લેવાની કેટલીક પ્રતિજ્ઞાઓ અત્રેના જૈન યુવક સંઘના નિવેદનમાં આપેલી પ્રતિજ્ઞાને મળતી છે (૭) સ્વદેશીમાં રાષ્ટ્રનો ઉદ્ધાર છે એમ હું માનું છું અને હું પોતે સ્વદેશી વાપરવા અને તેનો પ્રચાર કરવા પ્રયત્ન કરીશ (૮) સામાજીક સુધારાઓ સંબંધી આઠમી કલમ નીચે મુજબ છે.

(अ) સ્ત્રીપુરૂષના સમાન હક્કમાં હું માનું છું. (आ) દરેક યુવક પોતે સામાન્યતઃ કેળવાયેલ અને ભણેલ યુવતીને પરણવા તેમજ પરણાવવાનો આગ્રહ રાખે તો એ દ્વારા સ્ત્રીકેળવણીનો પ્રશ્ન ઉકેલાશે એમ હું માનું છું. (इ) લગ્નની ઉમર યુવક માટે ૧૮ વર્ષ અને યુવતી માટે ૧૪ વર્ષ ઉપરની હોવી જોઇયે એવો મારો દૃઢ અભિપ્રાય છે; અને મારાં બાળકો તેમજ વાલ્યોની બાબતમાં હું તે નિયમ પાળીશ. (ई) એક સ્ત્રીની હૈયાતીમાં બીજી સ્ત્રી પરણવી એ અયોગ્ય છે એમ હું માનું છું અને તે પ્રમાણે વર્તવા હું બંધાઉં છું. (उ) લગ્ન પ્રસંગે થતા જમણ અને વરઘોડાના વિચાર વિનાના ખર્ચોને હું અયોગ્ય અને બીન જરૂરિયાત માનું છું. (ऊ) ૪૫ વર્ષ ઉપરના માણસે લગ્ન કરવું એ પોતાની, કન્યાની અને સમાજની અવનતિ કરવા બરાબર છે એમ હું માનું છું અને એવા લગ્નમાં હું ભાગ લઇશ નહિ. (ए) કન્યાવિક્રય અને વરવિક્રય એ એક સામાજિક અનિષ્ટ છે એમ સ્વીકારીને તેમાં હું સીધો કે આડકતરો, સક્રિય કે અક્રિય ભાગ લઇશ નહિ. (ऐ) રડવા કુટવાનો રિવાજ હાનિકારક છે એમ હું માનું છું અને તેમાં હું કે મારાં વાલ્યો ભાગ ન લ્યે તે માટે બનતું કરવાનો હું સ્વીકાર કરૂં છું. (ओ) મરણ પ્રસંગે થતાં જ્ઞાતિભોજનમાં હું ભાગ લઇશ નહિ અને તેવો પ્રસંગ આવ્યે હું જ્ઞાતિભોજન કરીશ નહિ. આ બે કલમ (૮-૯) ખાસ ઉપયોગી છે.

### શ્રી મુંબઇ જૈન યુવક સંઘના સભ્યોને સુચના.

(૧) સંઘના સભ્યોને સવિનય વિદિત થાય કે સંઘનું નવું વર્ષ કારતક શુદ ૧ થી શરૂ થઇ ગયું છે માટે નવા વર્ષની ફીના રૂ. ૨) અવશ્ય મોકલી આપવા કૃપા કરવી.

(૨) મેનેજીંગ કમીટી માટેના નોમીનેશન પેપર ગઇ પત્રિકા દ્વારા મોકલાવેલ છે તે સર્વેને મળેલ હશે. ઉમેદવારી કરવા ઇચ્છનારે નોમીનેશન પેપર તા. ૨૭ મી. બુધવાર સાંજ પહેલા મંત્રીઓને મળે તેવી રીતે મોકલી આપવા.

આ પત્રિકા ધનજી સ્ટ્રીટમાં આવેલા જૈન ભાસ્કરોદય પ્રેસમાં મનસુખલાલ હીરાલાલે જમનાદાસ અમરચંદ ગાંધી (તંત્રી) માટે છાપી, અને તેણે જૈન યુવક સંઘ માટે પ્રીન્સેસ સ્ટ્રીટ મનહર બીલ્ડીંગમાંથી પ્રસિદ્ધ કરી. મુંબઇ, નં. ૨

યુવાન નવ સૃષ્ટિનો સરજનહાર છે.

દેવ-દ્રવ્ય.

Reg. No. B. 2616

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રી:—જમનાદાસ અમરચંદ ગાંધી.

અંક ૧૨ મો. | સંવત ૧૯૮૬ ના કારતિક વદ ૭ શનીવાર તા. ૨૩-૧૧-૨૯ | લવાજમ છુટક નકલ અરધો આનો.

## સુઘોષા ઘંટા વાગે છે.

સંઘ નાયકો ને-યુવાનો જરૂર શ્રવણ કરજો. ભાગવતી દિક્ષા સામે કોઇનો વિરોધ નથી પણ આજે એ પવિત્ર વસ્તુનો કરગ્રહણ કરવા કરાવવા જે ચારિત્રહીન આત્માઓ દુષ્ટ પેરવીઓ આદરી કે પ્રપંચ કળાઓ કેળવી, જૈન ધર્મને ઇતર સમાજોમાં નિંદાપાત્ર બનાવી રહ્યા છે; અને કેટલાયને ધર્મ પરાંગમુખતાને માર્ગે ઘસડી રહ્યા છે તેવા બગ ભકતોના યત્નોથી સાવધાન રહેજો. ધર્મ મોક્ષની વાતોથી ફસાઇ સ્વગૃહમાં કલહના બીજ રોપશો મા.

### સભ્યોને સુચના

નોમીનેશન પેપર તાકીદે મોકલી આપવા વિનંતી છે.

## યુવાનો તૈયારી કરજો.

એ યુગ આવે છે કે જેમાં બાવા આદમના કાળથી ચાલ્યા આવતા બંધનોને કયાં તો મૂળમાંથીજ સુધારવા પડશે અગર તો સડેલા ધાન્ય માફક દૂર ફગાવી દેવા પડશે. આવા પ્રકારનું એક બંધન તે "જ્ઞાતિ" નું છે, પૂર્વ કાળમાં કદાચ 'સંસ્કારસ્વરૂપ માતા' નો તેને ભાગ ભજવ્યો હશે, તે દ્વારા સમાજમાં પ્રગતિના બીજારોપણ પણ થયા હશે, જ્યાં આજે મોટે ભાગે તે ચંડીકાનો અવતાર ધરી કેટલાયે યુવકોના રક્તનું શોષણ કરી રહી છે, અહર્નિશ લાખોને ભડકી જેવા બનાવી રહી છે. સત્તા શાહીના પ્રચંડ પંજામાં ન્યાય દેવતાનો સ્વાહા કરી રહી છે! તેના નામથી ભડકી દૂર ભાગનારા અસંખ્ય કે ભરખેલ ભોગો આજે પણ નજરે ચડે છે?

માટેજ કયાં તો તેનું પુનર્વિધાન ન્યાયના ધોરણે કરવું પડશે, અગર તો તેની 'બીકેને ચલી આવી હે' જેવી રૂઢિઓને અને બંધનોને જડમૂળથી ઉખેડી કહાડવા પડશે.

જ્ઞાતિ-સમાજના સ્વયંભૂ બેઠેલા ધરાર પટેલોને ચેતાવી દેવા પડશે કે કયાં તો ચુંટણીને અધિકારજન્ય ધોરણે કામ કરો અને દંડના નામે પૈસા ગોળવાની વાત બાજુપર રાખો નહિ તો તમારા દુશ્ચરિત્રો જનતા સમક્ષ ઉઘાડા મૂકી અત્યારના યુવાનો તમારા ટાંગા ઝાલી હડસેલી મૂકવા અવશ્ય કમર કસશે. ગાંધી યુગનો પવન ખાનારા તેઓ હવે પીંજરના પક્ષીઓ નથી રહ્યા કે જેથી તમારી ખોટી ગુલામી સહન કરે!

યુવકો હરગીજ ગુલામી ન સહન કરે, પોલને ઉઘાડી પાડવા કટિબદ્ધ થાય, ને ડરપોકતા ખંખેરી નાંખે યુવક-સંઘો ધર્માદાના કે જાહેર સખાવતના હિસાબો ચોખ્ખા થાય, સામાજીક બદીઓ નાશ પામે તેવા પગલા લેતાંજ રહે. કાયદાના જાણકારો-ફીની પરવા રાખ્યા વગર આવા કાર્યોમાં જોઇતી દરેક સલાહ આપતાં જરા પણ ન થાકે ને રંચમાત્ર ન સંકોચાય. ઉમંગી શ્રીમાનો લક્ષ્મી આપી આવા કાર્યોને પોષતાં રહી, પરિવર્તન કાળને નજદીક આણે વિદ્વાનો-લેખો લખી જરૂર પડે નાયકપણું સ્વીકારી તપેલા લોઢાવત્ રૂપ આવું વાતાવરણનો ઘટતો ઉપયોગ કરવા મેદાને પડે.

પત્રકારો, યુવક ચળવળને લગતી દરેક હકીકતોને અગ્રપદ આપે. અને અગ્રલેખ લખે અને એ રીતે વાતાવરણ અનુકુળ બનાવે.

આમ ટુંકમાં કહીએ તો જો ઉપરોક્ત કાર્યો અંતરના ઉમળકાથી હાથ ધરવામાં આવે અને એપર ખંતથી મંડી રહેવામાં આવે તો અલ્પકાળમાંજ સારીયે જૈન સમાજમાં પરિવર્તન કાળના રણદુંદુભિ ગડગડે અરૂણોદયના રક્તવર્ણાં કિરણો ઝગ હશે. ત્યારેજ નવેસરથી પુનર્વિધાનના પાયા મંડાય, ત્યાર પછીજ આગામી કાળને અનુરૂપ, દેશની પરિસ્થિતિને બંધ બેસતી જૈન ધર્મને વિશ્વધર્મ રૂપે ધરી શકે તેવી, ટકાઉ ઇમારત ચણી શકાય.

યુવાનો તમારા આવેગભર્યા ઉલ્લાસ વગર એ ભાવના સ્વપ્ન સમી છે, એને ફળ આપવામાં તમારી નાડીમાં વહન કરી રહેલા પ્રત્યેક રક્તબિંદુની કિંમત છે, આવશ્યકતા છે. માટેજ પુનઃ કહેવું પડે છે કે યુવાનો તૈયારી કરજો.

# દેવદ્રવ્ય.

અનેક વખત ચર્ચાયેલા પ્રશ્નની આજે ફરી વખત ચર્ચા હું એટલા માટે કરવા માગું છું કે આ પ્રશ્નના યોગ્ય ઉકેલ સાથે મંદિરની સંસ્થાના અસ્તિત્વને બહુ નિકટનો સંબંધ રહેલો છે અને જેઓ ધર્મની તેમજ સંપ્રદાયની દૃષ્ટિએ મંદિર અથવા તો મૂર્તિપૂજાની ઉપયોગીતા સ્વીકારતા હોય તેમણે પ્રસ્તુત પ્રશ્નની જરાપણ ઉપેક્ષા કરવી ઘટતી નથી. જો કોઇ પણ પ્રશ્ન ધાર્મિક જીવન સાથે ગાઢપણે જોડાયલો હોય તો તે પ્રશ્નની ચર્ચાથી સમાજમાં અશાંતિ કે ખળભળાટ થશે એટલા કારણથી તેવી ચર્ચાથી અટકવું ન જોઇએ. અશાંતિ કે ખળભળાટ કોઇપણ ફેરફાર કે સુધારાના પુરોગામી હોય છે તેથી આજે જ્યારે ધર્મ, 'સમાજ તેમજ વ્યવહાર સાર્વત્રિક પરિવર્તન માગે છે ત્યારે અશાંતિ કે ખળભળાટથી ડરીને મૌન બેસવામાં કશો લાભ નથી.

આ વિષયની ચર્ચા હું શાસ્ત્રીય કે ઐતિહાસિક દૃષ્ટિએ કરવા માંગતો નથી. કારણ કે તે વિષયમાં હું અલ્પજ્ઞ છું. દેવદ્રવ્ય શબ્દની શી રીતે ઉત્પત્તિ થઇ, ચૈત્યની સંસ્થા શી રીતે ઉદ્‌ભવી અને તેમાંથી આપણાં મંદિરોને લગતો વર્તમાન વ્યવહાર શી રીતે પ્રવર્ત્યો, મંદિરમાં થતી દ્રવ્યની આવકનો પહેલાં શી રીતે ઉપયોગ થતો અને તેમાં આગળ જતાં શું શું ફેરફારો થયા, ક્યા ક્યા ખાતાની આવક દેવદ્રવ્યની કોટિમાં પહેલાં ગણાતી અને નહોતી ગણાતી અને તેમાં પાછળથી શું શું ફેરફારો થયા ઇત્યાદિ ભૂતકાળને લગતી ચર્ચાઓમાં હું ઉતરવા માંગતો નથી. આ વિષયના પંડિતોએ આ પ્રશ્નો ઉપર ઘણું લખ્યું છે તે જિજ્ઞાસુએ જોઇ લેવું. મારા વિષયનો પ્રયાસ વર્તમાન કાળથી શરૂ થાય છે. અત્યારે આપણે દેવદ્રવ્યના સંબંધમાં શું માનીએ છીએ અને તે માન્યતામાં કશો ફેરફાર થવાની જરૂર છે કે નહિ તેટલી પરિમિત ચર્ચાનેજ અહિં અવકાશ છે.

તેથી પ્રથમ તો દેવદ્રવ્ય એટલે શું એની ચોખવટ કરી લઇએ. દેવદ્રવ્ય એટલે દેવોનું દ્રવ્ય એમ અર્થ કરવો તે દેવ તત્વના સ્વરૂપનુંજ વિરોધી છે. દેવોને આપણા દ્રવ્ય સાથે કશો સંબંધ હોઇ શકેજ નહિ અને તેમાં પણ સર્વ દ્રવ્યનો જેણે ત્યાગ કર્યો છે તેવા તીર્થંકર ભગવાન ઉપર અમુક દ્રવ્યની માલેકીનો આરોપ કરી શકાયજ નહિ. દેવદ્રવ્યનો સામાન્ય અર્થ એટલોજ થઇ શકે કે જે દ્રવ્ય મંદિરના ખાતામાં એક યા બીજી રીતે આપવામાં આવે છે અથવાતો મૂર્તિ સમક્ષ રજુ કરવામાં આવે છે તે દેવદ્રવ્ય કહેવાય. દેવદ્રવ્ય શબ્દ મધ્યમ પદલોપી સમાસ હોય એમ અનુમાન થાય છે. દેવદ્રવ્ય એટલે દેવમૂર્તિ વિષયક દ્રવ્ય એમ અર્થ કરી શકાય. દેવ મંદિરે જઇએ તો જેવી રીતે રાજા સમક્ષ તેના પ્રત્યેના સન્માનની ખાતર રૂપા નાણું કે સોના નાણું ધરવામાં આવે છે એ રીતે ભગવાનની મૂર્તિ સમક્ષ આપણે કાંઇને કાંઇ દ્રવ્ય યથાશકિત ધરવું જોઇએ એવી આપણી પરાપૂર્વની માન્યતા છે. આ રીતે જે આવક થાય છે તે દેવદ્રવ્ય ગણાય છે. વળી કોઇ તીર્થે કે દેવ મંદિરે આપણે જઇએ ત્યારે જુદા જુદા ખાતામાં તે તીર્થ કે મંદિરનો મહેતો આપણી પાસે પૈસા ભરાવવા આવે છે તેમાં દેવદ્રવ્ય કે મંદિર ખાતામાં આપણે જે કાંઇ ભર્યું હોય તેને દેવદ્રવ્ય ગણવામાં આવે છે. મંદિરમાં ઘી બોલવામાં જે આવક થાય છે તે પણ દેવદ્રવ્યજ બને છે. આ ઉપરાંત સુપનાનું ઘી કે પોડીઆ પારણાનું ઘી ઘણે ઠેકાણે દેવદ્રવ્યના ખાતામાં લેવામાં આવે છે. આ દેવદ્રવ્યવિષે એવો સંકેત છે કે આ દ્રવ્યનો ઉપયોગ મંદિરના નિભાવ તેમજ મૂર્તિના પ્રશોભન કાર્યમાંજ થઇ શકે. તેનો ઉપયોગ બીજી કોઇપણ બાબતમાં થઇ શકેજ નહિ. આની સામે બીજું સાધારણ ખાતું હોય છે તે ખાતામાં જે કાંઇ આવક થાય તેનો ઉપયોગ પરમાર્થને લગતા જરૂરિયાતવાળા કોઇપણ કાર્યમાં થઇ શકે છે. જ્યારે દેવદ્રવ્યનો ઉપયોગ બહુજ પરિમિત હોય છે. આ માન્યતા અત્યારે સુધી શ્વેતાંબર સંપ્રદાયમાં સવત્ર સ્વીકારાયલી છે અને તે પ્રમાણે સર્વત્ર વ્યવહાર ચાલે છે. લગભગ દરેક મંદિરની આન્તર સ્થિતિ તપાસવામાં આવે તો દેવદ્રવ્યના ખાતામાં બહુ મોટી રકમો જમે હોય છે અને તેમાંથી ભગવાન માટે હીરા માણેકના મુગટો કરાવવામાં આવે, મોતીની માળા બનાવવામાં આવે, રત્નજડિત આંગી રચવામાં આવે, આખા મંદિરને આરસથી આચ્છાદિત કરવામાં આવે તોપણ પુષ્કળ વધારો હોય છે જ્યારે સાધારણ ખાતામાં હમેશાં ખોટ હોય છે, કારણકે મુળથી સાધારણ જનતા મૂર્તિ અને મંદિર પાછળ ગાંડી છે અને તે દિશાએ અનર્ગળ દ્રવ્યનો વ્યય કરવામાં અસાધારણ પુણ્યની અને ઐહિક તેમજ આમુષ્મિક લાભની આશા રાખે છે. દેવદ્રવ્ય વિષે આજ વર્તમાન માન્યતા અને પરિસ્થિતિ છે એ વિષે બે મત હોવા સંભવ નથી.

પરમાર્થે દ્રવ્યનો વ્યય કરવાનો સાધુજનો પૂર્વકાળથી ઉપદેશ કરતાં આવ્યા છે અને તે પ્રકારના વ્યયના અનેક માર્ગો સુચવવામાં આવ્યા છે. આવા અનેક માર્ગોનો કોઇ ખાસ વિરોધ કરતું નથી, પણ જે વસ્તુની–જે કાર્યની–જ્યારે જ્યારે સમાજ નેતાઓને વધારે જરૂર અથવા ઉપયોગીતાનો ભાસ થયો છે ત્યારે ત્યારે તેમાં દ્રવ્ય હોમવાનો વધારે ભાર પૂર્વક આગ્રહ કરવામાં આવ્યો છે. આ રીતે એક વખત દ્રવ્યવ્યય માટે એકાન્તિક મૂર્તિ અને મંદિરોનોજ ઉપદેશ આપવામાં આવતો અને લોકો પણ મુખ્યત્વે કરીને એજ માર્ગે પોતાની ઉદારતાનો પ્રવાહ વહેતો કરતા. સાધુઓ કહેતા કે "બને તેટલી મૂર્તિઓ ઘડાવો, મંદિરો બંધાવો, આંગીઓ રચાવો, ઉત્સવો મંડાવો, વરઘોડાઓ કઢાવો–ધર્મનો ખરો ઉદ્યોત એમાંજ છે." અને શ્રાવકો આ ઉપદેશને એટલીજ શ્રદ્ધા પૂર્વક ઝીલતા, નવનવી મૂર્તિઓ ઘડાવતા, ભવ્ય મંદિરો બંધાવતા, સુંદર આંગીઓ રચાવતા, ઠાઠમાઠથી મહોત્સવો કરતા અને ભભકા ભર્યા વરઘોડાઓ કઢાવતા અને સાધુ તેમજ શ્રાવક ધર્મનો ભારે ઉદ્યોત થાય છે એમ વિચારી અખુટ સાંપ્રદાયિક સ્વાસ્થ્ય અનુભવતા. આમ છતાં દેશની બદલાતી જતી સ્થિતિના અંગે આ સમાજની જરૂરિયાતો અનેકવિધ બનવા લાગી અને તેની તીવ્રતા પણ ભાસવા માંડી. મૂર્તિઓ વધવા છતાં અને મંદિરો ચણાવા છતાં જૈન સમુદાય પણ ઘસાતો ચાલ્યો, અને સાચો ધર્મ ઉદ્યોત કોઇપણ સ્થળે દેખાયો નહિ. જનતાની બુદ્ધિ આવા એકાંતિક ઉપદેશના તત્વ વિષે પ્રશ્ન કરવા લાગી ઉપદેશકોને ધર્માધિકારીઓને કાળબળ સ્વીકાર્યા વિના છુટકો ન રહ્યો અને ઉપદેશની એકાંતિકતા ધીમે ધીમે મોળી પડવા લાગી. શરૂઆતમાં એમ કહેવામાં આવ્યું કે જો કે પુણ્ય એકત્ર કરવાનો ખરો માર્ગ તો મંદિરજ છે છતાં બીજાં ખાતાં પણ શ્રાવકે યથાશકિત સંભાળવા. પણ આમ

જેમ ધર્માધિકારીઓ મૂર્તિ અને મંદિરનું રક્ષણ થાય તે ધ્યાનમાં રાખીને ઉપદેશની દિશા જરા જરા બદલતા ગયા તેમ બીજી બાજુએ મૂર્તિપૂજાની નિરર્થકતા અને તેમાં થતા દ્રવ્યવ્યયના ગેરલાભનું પ્રતિપાદન કરતા વિચારો ખુબ ફેલાતા ચાલ્યા. સ્વામી દયાનંદ સરસ્વતીએ મૂર્તિપૂજાનું જોસભેર ખંડન માંડ્યું, મંદિરોની સમૃધ્ધિ અને લોકોની દુર્દશાના પરસ્પર વિરોધી ચિત્રો રજુ થવા લાગ્યાં, અને લોક માનસમાં અણધાર્યાં પરિવર્તનો શરૂ થયાં. આ નવા આંદોલનો ધ્યાનમાં લઇને ધર્મોપદેશકોએ મંદિર તેમજ અન્ય પરમાર્થ કાર્યોને સમકક્ષાએ સ્થાપ્યાં, મંદિરમાં દ્રવ્ય આપો અને અન્યત્ર પણ ખરચો. આજે આ વિચાર પણ સ્વીકારવામાં આવતો નથી. મૂર્તિપૂજાની અતિશયતા, ખાલી દેખાવ અને આડંબર પાછળ થતો અનર્ગળ દ્રવ્યવ્યય, લોકોમાં આજ કારણે પોષાતા વહેમો અને અંધશ્રદ્ધા, મંદિરની પેઢીઓમાં થતા ગોટાળા, બીજી બાજુએ દેશમાં અજ્ઞાન, દારિદ્ર, અને અનેક પ્રકારનાં દર્દોનું સામ્રાજ્ય અને પ્રજાની શારીરિક માનસિક તેમજ આધ્યાત્મિક અધોગતિ-આ બધી વસ્તુઓ આજના વિચારકોને ખુબ ખટકી રહી છે અને તેમાંથી લોકોનો ઉધ્ધાર કરવાનો માર્ગ શોધાય રહ્યો છે. આના પરિણામે આજે પૂર્વકાળનો ઉપદેશક હાંસીપાત્ર બની રહેલ છે. આજે મંદિર બહેળું અને બીજું ખાવું પછી એમ બોલનાર બેવકૂફ લેખાય છે. આજે આ પણ ખરૂં-અને એ પણ ખરૂં એમ બોલનાર દુધ દહીંમાં પગ રાખનાર ગણાય છે. આજનો વિચારક-અને તેની પાછળ ઘસડાતો સમજુ સાધુ વર્ગ એમ કહે છે કે આપણા દ્રવ્યનો વ્યય મુખ્યત્વે કરીને કેળવણી અને સામાજિક ઉન્નતિ થાય તેવા કાર્યોમાં થવો જોઇએ. આ વિચારમાં મંદિરને લગતા સર્વ વ્યવહાર સમારંભનો નિષેધ નથી પણ તેને ગૌણપદ તો છેજ. શ્રી મુંબઇ જૈન યુવક સંઘના આત્મનિવેદનની એક કલમ પણ આજ આશયનું પ્રતિપાદન કરે છે. આમ બોલનાર માણસ આજે દેશકાળ સમજનાર ગણાય છે અને મુનિ રામવિજય તેને સમય ધર્મી તરીકે ઓળખાવે છે. આજનો ઉદ્દામ વિચારક ઉજમણું અઠ્ઠાઇ મહોત્સવ, નોકારશી તેમજ તીર્થયાત્રા માટે જતા સંઘોને દ્રવ્યનો ધુમાડો કહી નાંખે છે અને સમાજ હૃદય ભગ્ન થયા સિવાય સાંભળી શકે છે.

પણ આજે જે વિચારપ્રવાહ ગતિ કરી રહ્યો છે એ આડકેથી અટકે એમ હું ધારતો નથી. તેની યોગ્ય સમીક્ષા કરનાર જુદુંજ ભવિષ્ય દેખે છે અને જેને આપણે સૌ તદ્દન ઉદ્દામ વિચારના લોકો છતાં ધર્મના આવશ્યક અંગ તરીકે લેખીએ છીએ તે મંદિરની સંસ્થા ધીમે ધીમે સરતી જાય છે અને યોગ્ય ઉપાય હાથ ધરવામાં નહિ આવે તો તદ્દન પ્રતિષ્ઠાહીન બની જવાનો ભય રહે છે. આનો વિચાર હવે પછી કરીશું. [અપુર્ણ.] પરમાનંદ.

## જૈન સમાજની પરીસ્થિતિ—

### એક સમીક્ષા.

આજકાલ જૈન સમાજમાં એટલો બધો ખળભળાટ ઉપસ્થિત થયો છે કે જે અટકાવવા, સમતોલ બનાવવા દરેક સુશિક્ષીત બનતાં પ્રયાસો કરવાની જરૂર છે. એક બાજુ "દીક્ષા પ્રકરણ" અને બીજી બાજુ "સાધુઓની આપખુદી." દરેક જૈન યુવકે આ બે બાજુનો પર ખાસ લક્ષ આપી બમણી અને રચનાત્મક કાર્ય કરવાની જરૂર છે.

યુવક સંમેલનની જરૂરીઆત વીષે હમણાંજ પ્રગટ થયેલ વીચારો પર દરેકે દરેક યુવક સભ્યે વીચાર કરવાની જરૂર છે. વસ્તીના આંકડાના પ્રમાણ તરફ જો નજર કરીશું તો એમ માલુમ પડશે કે દરેક વર્ષે જૈનની વસ્તી ઓછી થતી જાય છે અને એ અર્થસુચક સપ્રમાણ હકીકત જૈન સમાજની દુર્ગતી દર્શાવે છે. શ્રી વલ્લભવિજયજી અને ન્યાયવિજયજી જેવા યુવકને પ્રિય અને જમાનાને માન આપનારા સાધુઓની સરદારી નીચે આજના જૈન યુવક વર્ગે ઝુંબેશ ઉઠાવવાની જરૂર છે, જ્ઞાતિભેદો અને મતભેદોને તીલાંજલી આપી ઐક્યતા અને સહકારના પાઠો શીખવા જોઇએ. નવા વિચારકોનું બળ કેળવી એક સંગઠન કરી જૈન સમાજને પ્રગતીના પથે લઇ જવા સતત સક્રિય ભાગ લેવો જોઇએ. આપણે પ્રથમ સામાજીક પ્રશ્નો પર વીચાર કરી તેમાંથી જુની રૂઢીને નવી પ્રણાલીકાઓનું રૂપ આપી સુધારી સમાજનો સડો દુર કરવાની જરૂર છે. ધાર્મીકની અને લોકહીતની રૂપરેખાઓ તૈયાર કરી યુવક સંઘ તરફ તરત મોકલવી જોઇએ.

દરેક યુવકે વ્યવહાર અને માર્ગદર્શક પગલા લેવાની જરૂર છે. જૈન સમાજ આજકાલ સામાજીક સુધારણાંમાં ઘણો પછાત છે. જાહેર સંસ્થાઓના હીસાબો પણ ઘણે ઠેકાણે મળતા નથી કેળવણીની વૃદ્ધી માટેના જે પ્રયાસો થાય છે તે તરફ જૈન યુવકે ખાસ લક્ષ આપવું જોઇએ. શાસ્ત્રકારોના પ્રમાણ ખુલાસાઓની ખામી દુર કરી સાધુવર્ગને સાચો અર્થસુચક વિવેચનોથી વાકેફ કરવા જોઇએ. જ્ઞાતિ અને પેટાજ્ઞાતિ-તડા અને ભેદો જેમ બને તેમ દુર થવા જોઇએ.

આ ઉપરથી જૈન યુવક વર્ગને નમ્ર વીનંતી છે કે નવા વિચારકોનું એક સંમેલન કરી તે સંમેલનમાં નવી પ્રણાલીકા અને પ્રથા અનુસાર ધાર્મીક અને લોકહીતના પ્રશ્નોનો ઉકેલ આણવો અને દેશહીતનો આદર્શ રાખી સક્રિય કાર્ય ઉપાડી લેવું. છેવટે મુંબઇ જૈન યુવક સંઘના પ્રસંશનીય કાર્ય માટે અભિનંદન આપી વીરમું છું.

ભીખાલાલ ભાઇચંદ કપાસી, બી. એ.

## લેખકની પ્રશંસા કે ભાટડાવેડા?

પાટણના સમયાનુકુળ દિક્ષા સંબંધી ઠરાવને કેવળ અંધશ્રદ્ધાથી વગોવનારને તે સામે મોટો ફાળો ધરવા બદલ શેઠ નગીનદાસની સોબાવટીના લેખક શ્રી. મંજુકાંતે વીરશાસનના ગત અંકમાં જે અતિભાર પ્રશંસા કરી છે તે વાંચી સમજુ હસવાને ઘડીભર હસવું તો જરૂર આવે અને એ સાથે લેખકે લગાડેલ ભરકા, હાથવેંત અજ્ઞાનતા માટે અણગમો પણ ઉપજે. જાણે શેઠે 'પાટણના દ્વાર દિક્ષા માટે ખુલ્લાં છે' એવી કંકોત્રી છપાવીને મોટો કિલ્લો સર ન કર્યો હોય તેમ માની લઇ શ્રી. મંજુકાંત તેમને "પ્રતાપી પ્રતાપ"ની ઉપમા આપે છે. આખી શાસન રસાતાળ જતી હતીને આ માની લીધેલા શરીરે બચાવી લીધી હોય તેમ આગળ જતાં, તેમની સરખામણી વસ્તુપાળ તેજપાળ સાથે કરે છે. બુધ્ધિ જ્ઞાનના આંખની છે. સોબાવટી આવી મોહકજાળ ન બિછાવે તો કહાવત "પેટ ઉઠી જવાનો" ભય પણ ખરો ને! મોસાળે જમવાનું ને માં પીરસનાર પછી ઉણપ શી રહે? પડવા પડવા પણ ઢોંગ ઉંચી રાખવી એટલે પાટણના ઘડીભર માણસોના કાર્યને મારી મચડીને ધર્મ યુક્તનું લેબલ લગાડી એના સુત્રધારોને મેરૂપર્વતપર બેસાડવા જ

છુટીએને! તેમાં વળી વિશેષણનો ભાવાર્થ સમજ્યા વગર લગાડે રાખનાર, મધુકાંત એટલે પુણ્યપુંજ શું? શાસન પ્રેમના નામે આથી પણ આગળ દોડયા હોત તો શું જવાનું હતું? ક્યાં રાણા પ્રતાપ કે વસ્તુપાળ તેજપાળ ચેલેન્જ કરવા આવવાના હતા? માત્ર આવી કાર્યવાહીથી રાણા અને વસ્તુપાળ તેજપાળ જેવા બિરૂદો મળી જતાં હોય તો આજે દરેક શાસન પ્રેમીને તે પ્રાપ્ત થવાજ જોઇએ.

વીસમી સદીના ઠીંગુજી લેખક, મહારાણા પ્રતાપને કે વસ્તુપાળ તેજપાળને પોતાની બાળકણી બુદ્ધિથીજ માપેને! કુવાના દેડકાને સારા વિશ્વની વિશાળતાનું ભાન ક્યાંથી હોય? એ તે બિચારૂં દોરેલે ચીલે ડ્રાઉં ડ્રાઉં કર્યે જાય ને માની લે કે મારી ગર્જના ૭ ખંડમાં સંભળાઇ!!

# વાતાવરણ.

## સમજુના રાહ એ ન હોય—

અત્યારે જે રહીશ આપામાં હેંડગોલણાઇ ચાલી રહી છે તે શોભાપાત્ર નથી. ઇતર સમાજમાં એથી આપણી હાંસી થઇ રહી છે. એનાથી માન્યતાનો એક પણ હેતુ સરતો નથી. અમારી માન્યતા પ્રમાણે એમાં સમજુ વર્ગનો હાથ નથીજ હોતો. છતાં જેઓ એ માર્ગે ચઢી સમય અને દ્રવ્યની બરબાદી કરી કર્મબંધન કરી રહ્યા છે તેમને બંધુભાવે સુચના છે કે મતભેદની લડતમાં ન્યાય જણાવાનો એ ઉચિત માર્ગ નથી. એથી કુસંપ વધે છે માટે બહુ થયું માની એનાથી હવે અટકી જાવ. દલીલ પૂર્વક સચોટી વાત પરથીજ જનતાનું દ્રષ્ટિબિંદુ સત્ય તરફ વળવાનું. આખરી જય સત્યનોજ થવાનો. ઉતાવળે આંબા ન પાકે આ ઉક્તિ ધ્યાનમાં લઇ, ખરી વસ્તુ સમજાય ત્યાં પણ યુક્તિ પુરસ્સર મુકવું અને એની અસર માટે રાહ જોવી પણ વાણી પરનો કાબુ નજ ગુમાવવો.

## યુવક પ્રવૃત્તિ વિજયના પંથે—

દિવસે દિવસે યુવકો જાગૃત થતાં જાય છે, એટલુંજ નહિં પણ રચનાત્મક કાર્યના બી પણ રોપી રહ્યા છે જેથી ભાવિ વિજયની આગાહી થઇ રહી છે. કરાંચી જૈન યુવક સંઘે કારંજ સામે આદરેલ સત્યાગ્રહ એની સાક્ષી પૂરે છે. પત્રિકા નં. ૧ માં જણાવે છે કે......'આવો, કરાંચીના જૈન સુધારકો' આજે તમારો ખપ પડયો છે. તમે જુવાન હો કે વૃદ્ધ, એની સાથે અમને સંબંધ નથી પણ તમારામાં યૌવનના તનમનાટ છે? સમાજને ચુસી રહેલી ઘાતક રૂઢીઓને ઉખેડવાની હામ છે? જ્ઞાતિના ધનવાનો અને રૂઢીપૂજકો સામે સત્યને ખાતર આગ્રહી થવાનું જોમ છે? જો હોય તો હવે ઘડીયે ન થોભજો તમારો પ્રાણ અને પ્રેરણા લઇ અમારા સંઘમાં આવો!!

કચ્છના ગીરનારના સંઘનું વૃતાન્ત લખી, શેઠ નગીનદાસ કરમચંદને જગડુશાહના અવતારની કોટિમાં મુકનાર યુવક હરખી મોહનલાલ ચુનીલાલ ધામી ખુલ્લો પત્ર લખી તે શેઠ શ્રીના આજના વર્તન માટે પશ્ચાતાપ જાહેર કરે છે. પાલનપુરથી મણિલાલ ખુ. પરીખ એક પત્રિકા દ્વારા કન્યેઓ, વૃદ્ધ વિવાહ કન્યા વિક્રય આદિ પંદર સુધારા કરવા સંબંધી ધ્યાન ખેંચે છે. માંડળમાં પણ જૈન યુવક સંઘની સ્થાપના થયા બાદ, મુંબઇ જૈન યુવક સંઘને મળતા તેમજ રાષ્ટ્રીય પ્રવૃત્તિને જોર આપતાં પંદર ઉદ્દેશ મુકરર થયા છે.

## ચોર કોટવાળને દંડે તે આનું નામ?

આણુંમાના સંઘે પાટણના ઠરાવમાં દખલગીરી કરવા જે યત્ન કરેલો તેના આંતરિક કારણમાં ઉતરતાં એક ભાઇ જણાવે છે કે, એમ કરવામાં પુર્વનું વેર વાળવાનો ઇરાદો હતો, અને તેમાં તે ન ફાવવાથી, ચાણસ્માની ટોળકી ખાલિ ટોળી ૧૦૮ ગોળના ગામોમાં નીકળી પડી. પચિયટ અને છડી-આરડાના જૈનોને આડુ અવળું સમજાવી કાગળ ઉપર સહીઓ લઇ પોતાની અનુકુળતા માફક ઠરાવને નામે બહાર પાડી ખરી રીતે કહીએ તો સરળ માણસોને ફસાવવાનું કામ કર્યું છે. એ ભોળા લોકોને 'યંગ મેન જૈન સોસાયટી' એ જગડો જગડનારી સંસ્થા છે એવી ખબર હોત તો કદિપણ આવી રીતે સહીઓ આપત નહિં. પણ બીજા કેટલાક ગામે તો એ ટોળકીને મચક ન આપી એટલે હાથ ઘસતી પાછી ફરી ઘેર બેઠી.

## સોસાયટી મૈયાનો સનેપાત!

ખંભાતની યં. મે. સોસાયટી મૈયા આજે પખવાડીયે 'સમાચાર'માં રોદણા રડે છે કે મુંબઇ જૈન યુવક સંઘના ગોપવજીભાઇ, તેમજ મણિભાઇના ભાષણો ધર્મ વિરૂદ્ધ હતા. ડાહ્યા ડોશીમા, જરા સાબિતી ખાતર કહેશો ખરા કે તમો આ પ્રલાપ કયા જ્ઞાનને આધારે કરી રહ્યા છો? ધર્મ સમજવાનો તાસ્રપત્ર કે દસ્તાવેજ તો કોઇ પુર્વાચાર્યે નથી કરી આપ્યોને? કમળાના દર્દીની માફક તમો બધે પીળું કિંવા ધર્મ વિરૂદ્ધ દેખો તો એ દોષ તમારી ચક્ષુનોજ છે. ધર્મને નામે ચરી ખાનાર ડોકરીબાઇ, આનંદ સ્ટેશને જામસાહેબને વહાલા થવા ગયેલા તે ધર્મને અનુકુળનેજ કે? પ્રવરજીની મોરલીપર નૃત્ય કરનારી સોસાયટીઓથી ધર્મ અધર્મના કે સત્યાસત્યના કોયડા નહીં ઉકલે. એ મૈયાઓએ તો 'શેઠ કહે સાગરનું પાણી મીઠુ છે તો હાજી હાંના પાડ મોખ્ખાજ કરવા અને લાલ સલામ ખેંચાય તેમ પગલા પાડવાજ કરવા. રાગાંધતાનો પડદો ઉચકાય તો આટલું અવધારી લેવું-"ધર્મ ધમ કરતો જગ સહુ ફરે, ધર્મ ન જાણે હો મર્મ"—

## સરખામણી—

પ્રેમના સ્વાગત આગળ કૃત્રિમ આડંબરો હેઠા પડે છે એનો પ્રત્યક્ષ ખ્યાલ મુંબઇની જૈન જૈનતાને કાર્તકીપર થયો, ભાયખલા સવારમાં જવા સારૂં સખ્ત હોડા હોડી કરાવી, મહા મુનીજીને પ્રવરજીએ જવાનું નક્કી કર્યું પણ અજાયબીના એ કે સામૈયામાં શાસન પ્રેમીના બિરૂદધારી, ને સમય આવે પ્રાણ પાથરવાની ગપ્પ હાંકનારા ભક્તોમાંથી માંડ મુઠીભરની હાજરી! સાજન કરતાં રક્ષક સેના વધારે! નારીજીંદ 'હું સરખાને કીજો' જેવુંજ!

બીજી બાજુ સમયજ્ઞસુરિને માટે સવારનો સમય નિયત થયા છતાં રંચમાત્ર અશાંતિ કે ગરબડને સ્થાન ન મળે એ શુભ ઇરાદાથી જાતેજ વાલકેશ્વર જવું ઉચિત ધાર્યું; છતાં સાજનની જે જમાવટ થઇ તે અનુભવીજ જાણે. આવોજ પ્રસંગ બંદરપર જવામાં બન્યો. પ્રવર શ્રીને કર્મે 'ગોદામ'માં ઉતરવા વારો આવ્યો, તેમાં પણ દશા કચ્છી જ્ઞાતિના મોટા ભાગનો સખત વિરોધને કાળા વાવટાની કહાણી! જ્યારે સમયજ્ઞ સુરિજીની પધરામણી વીશા કચ્છી ભાઇઓની વાડીમાં વળી એ પ્રસંગે સવા લાખની થેલી બોર્ડીંગને અર્પણ થઇ. દેશકાળ પ્રમાણે ઉપદેશ કરનારની સફળતાનું માપ આ ઉપરથી સરસ નિકળી શકે છે. આમ છતાં જેને ખોટા રીપોર્ટ સમાચારમાં આપી શાસન પ્રેમીની વાહવાહથી ફુલાવું છે તેની ચક્ષુએ આ દીવા જેવી પરિસ્થિતિ નહિ સમજાય.

આ પત્રિકા ધનજી સ્ટ્રીટમાં આવેલા જૈન ભાસ્કરોદય પ્રેસમાં મનસુખલાલ હીરાલાલે જમનાદાસ અમરચંદ ગાંધી (તંત્રી) માટે છાપી, અને તેણે જૈન યુવક સંઘ માટે પ્રીન્સેસ સ્ટ્રીટ મનહર બીલ્ડીંગમાંથી પ્રસિદ્ધ કરી: મુંબઇ, નં. ૨

યુવાન નવ સૃષ્ટિનો સરજનહાર છે.

દેવ—દ્રવ્ય.

Reg. No. B. 2616

# મુંબઇ જૈન યુવક સંઘ પત્રિકા.

તંત્રીઃ—જમનાદાસ અમરચંદ ગાંધી.

અંક ૧૩ મો. | સંવત ૧૯૮૬ ના કારતિક વદ ૧૪ શનીવાર તા. ૩૦-૧૧-૨૯ | લવાજમ છુટક નકલે અડધો આનો.

## નોંધ.

### યુવક હૃદય અવશ્ય ગર્જના કરે—

જ્યાં અમો કહીયે તેજ સાચું, અગર અમો વાંચી સંભળાવીયે એજ પ્રભુશ્રી વીરનો આગમ, તે સિવાય બીજા કંઇ કહે તે સર્વ ખોટું યાને સુધારકોના ઘરનુંજ છે. એવો પ્રલાપ સતત થઇ રહ્યો હોય, ત્યાં ભલેને આગમોદ્ધારક કે મુનિપ્રવર કિંવા વ્યાખ્યાન વાચસ્પતિ વિરાજમાન હોય છતાં એ કથન સામે ગર્જના કરી ઉભા રહેવાનો સાચા યુવકનો ધર્મ છે. એ પ્રલાપમાં પ્રભુશ્રી પ્રત્યે કે તેમના પ્રવચન પ્રત્યે પ્રેમ કે ભક્તિ કરતાં સ્વજાત પ્રત્યેનો ગર્વ વધારે દ્રષ્ટિગોચર થાય છે. વીસમી સદીમાં વિચરતાં એ મુનિવરો ભલે તેટલી વિદ્વતા ધરાવતા હોય છતાં પ્રભુશ્રીના વચન મુજબ છદ્મસ્થોજ છે, અને તેથી ભુલ થવા સંભવ પણ ખરો. માટેજ તેમનાથી આવી રીતે છાતી ઠોકીને કહી શકાય નહીં. એમ કહેવા જતાં તેઓ પ્રભુશ્રીની આજ્ઞા ઉથાપે છે; જે વર્તન શ્રી વીરના સાચા અનુરાગીને કાંટાની માફક જરૂર ખુંચે, એટલેજ ગર્જના કરી સામનો કરવાનો આપદ્ ધર્મ તેને પ્રાપ્ત થાય છે.

### જુન્નેર અધિવેશન—

આખીયે જૈન સમાજ, કોન્ફરન્સનું અધિવેશન હુંક સમયમાં એ સમાચારથી અવશ્ય આનંદિત થઇ હશે. છતાં અધિવેશનને વિજયવંત બનાવવું હોય તો એની તૈયારીના પડઘમ અત્યારથી વગાડવાની જરૂર છે. અધિવેશનમાં અનિશ્ચિતતા આવવાથી કોન્ફરન્સના કાર્ય સામે મંદ ઉત્સાહ આજ કેટલાયે વર્ષોથી ચાલુ છે; તેમાં જો બેઠક મેળવતાં પુર્વે સારા પ્રમાણમાં પ્રચાર કાર્ય કરી જાગૃતિ આણવામાં નથી આવી હોતી તો બેઠક વેળા હાજરીનુ પ્રમાણ કમી હોય છે એટલે રહ્યો સહ્યો ઉમંગ પણ ઓગળવા માંડે છે. આવી સ્થિતિમાંથી બચવું હોય તો, તથા ઇતર સમાજની પ્રગતિ સાથે મેળ મેળવવો હોય તો, અને જાગવા ત્યાંથી સવાર ગણી કંઇક રચનાત્મક કાર્ય કરવું હોય તો હાલના કાર્યવાહકોએ એને લગતી ચળવળ શરૂ કરી દેવાની, ચર્ચવાના વિષયોની સામાન્ય રૂપરેખા સમાજ સન્મુખ ધરી દેવાની તાકીદે જરૂર છે. તોજ અધિવેશનને સફળતા સાંપડશે.

### શ્રી જૈન યુવક સંઘના સભ્યોને સુચના—

સામાન્ય વાર્ષિક સભા માગસર સુદ ૧ ને રોજ રાખવામાં આવી હતી તે જરૂરી કારણસર મુલતવી રાખવામાં આવી છે.

સં. ૧૯૮૬ ની સાલના લવાજમ મોકલી આપવા માટે ખાસ સુચના કરવામાં આવે છે.

### શક્તિનુ માપ—

યુવકોમાં જેમ કુદરતી હોય છે એટલે તેમને નવા સર્જનમાં અનેરો આનંદ છે છે છતાં "બધુયે જુનુ યાને પુરાણુ ખોટુંજ હોય કિંવા તેને જડમુળથી ઉખેડીનેજ નવી રચના કરી શકાય" એવું જે મંતવ્ય તેઓ ધરાવે અને એ સાથે પોતીકુ બળ તોલ્યા વગર, માત્ર વિચારક બુદ્ધિપર નિર્ભય રહી પ્રત્યેક વસ્તુ કે પ્રચલીત દરેક પ્રથાપર વાગ્બાણ છોડી, અરે એકી સાથે તે પ્રત્યે કાવડ ઉપાડી જો પ્રગતિ કરવાના માર્ગે કુદકા મારવા શરૂ કરે તો, લાભ કરતાં હાનિ થવાનો પ્રસંગ ઘણી વેળા આવે છે. માંડ એકત્રિત થયેલ બળ ઘડીના છઠ્ઠા ભાગમાં વિખરાઇ જાય છે માટેજ એક પછી બીજું પગલું ભરવાની સલાહમાં વાસ્તવિકતા રહેલી છે. ધીમાશ છતાં દ્રઢતાથી જયશ્રી મેળવાય છે.

### યુવક સંઘોનુ સંમેલન—

સંમેલન, અને તે પણ યુવકોનુ એટલે કેવળ બે દિવસનો વાણી વિલાસ કે સીનેમાના પડદાની માફક દેખાવોની શ્રેણી પસાર કરી જવાનુ નહીંજ! આજે તો પરસ્પર ચર્ચા કરી, વિચારોની આપલે કરી, વધુ નહિં તો બને તેટલું પણ રચનાત્મક કાર્ય કરી, સમાજમાં પરિવર્તન આણવાનો યુગ બેઠો છે, એટલે જૈન યુવકોની દ્રષ્ટિ પણ તે માર્ગે સંચરવી ઘટે. પ્રતિનિધિ મોકલનાર દરેક યુવક સંઘ પોતાના પ્રદેશમાં વર્તતી વિકૃત દશાને લગતી સુચનાઓ પુરી પાડે અને આવનાર પ્રતિનિધિ તે સંબંધે ઘટતો વિચાર કરીને આવે તોજ, પરિશ્રમ સેવ્યો સફળ મનાય. સાથે એ પણ સુચવી દઇએ કે વિચારકો કલ્પનામાં ઉડ્ડયન કરવા કરતાં પ્રચલિત વાતાવરણ સામે નજર રાખી વહેવારૂ કાર્ય કરવાનો સંકલ્પ સેવે.

### દેશી રાજ્યોને અપીલ કરો—

અત્રેના શ્રી જૈન યુવક સંઘે જામનગરના મહારાજા ઉપર એક તાર કરી બાળ દીક્ષા માટે કાયદો ઘડવા વિનંતી કરી છે. આ બાબતમાં દરેક દેશી રાજ્યોને બાળદિક્ષા સામે કાયદો ઘડવા અરજ કરવાની જરૂર છે. સ્થળે સ્થળના યુવક સંઘો આ બાબતમાં ચળવળ કરે તે ઇચ્છવા યોગ્ય છે તેમજ બ્રીટીશ હિંદુસ્થાનમાં ધારા સભાઓ મારફત પણ આ જાતનો પ્રયાસ કરવાની જરૂર છે.

# દેવદ્રવ્ય.

## ( ૨ )

આજની વિચારક દુનિયા પાસેથી લોકોની મૂર્તિપૂજા સંબંધી બે ત્રણ પ્રશ્નો સમાધાન માંગી રહ્યા છે. એક તો લોકોને ગમે તેટલો ઉપદેશ કરવા છતાં લોકો મંદિર અને મૂર્તિ પાછળ સૌથી વધારે દ્રવ્યનો વ્યય કર્યાજ કરે છે. હિંદુ હિંદુસ્થાનમાં ફરો તો તમને એમજ લાગે કે તે પ્રજા મૂર્તિ મંદિર સિવાય દ્રવ્યના પરમાર્થિક વ્યય માટે બીજી કોઇ દિશા જાણતીજ નથી. એટલે કેટલાક વિચારકો એમજ માને છે કે જ્યાં સુધી મૂર્તિપૂજાને થોડી ઘણી પણ પ્રતિષ્ઠા આપવામાં આવે ત્યાં સુધી લોકોની શ્રદ્ધાનો નાશ થવાનોજ નથી. મંદિરમાં એકઠું થતું દ્રવ્ય સમાજના જરાપણ ઉપયોગમાં આવતું નથી. કાં તો તેમાંથી ઠાકોરજીના ઘરેણાં થાય છે અને કાં તો નવાં મંદિરો બંધાય છે. આ દ્રવ્યથી અનેક નિરુદ્યમી બ્રાહ્મણો, પાખંડી શંકરાચાર્યો અને ધૂર્ત ગોસાંઇઓ પોષાય છે અને ઘણીવાર જેમના હાથમાં તે દ્રવ્યનો વહીવટ હોય છે તેઓજ પોતે ઉચાપત કરી જાય છે. વળી મૂર્તિપૂજાને લીધે લોકોમાં અનેક પ્રકારની અંધશ્રદ્ધા અને વહેમોનોજ પ્રચાર થાય છે અને મનુષ્ય જીવનની જવાબદારી અને સુચારિત્ર્યનું મહત્વ તેના ખ્યાલમાં ઉતરતુંજ નથી. તે મૂર્તિપૂજાથી અનેક ઐહિક લાભોની આશા રાખે છે અને ઐહિક આપત્તિઓ નાશ પામશે એમ અપેક્ષા રાખે છે. હમેશા બે કલાક પૂજામાં ગાળનાર બાકીનું દિવસના બાકીના બાવીસ કલાક ધર્મ અને નીતિને બાજુએ મૂકતો ઘણીવાર માલુમ પડે છે. બીજી બાજુએ સમાજ નિર્ધન, દરિદ્ર, કંગાલ બનતો જાય છે. અજ્ઞાન અને વહેમના પાસમાં સપડાએલી પ્રજા દિન પ્રતિદિન અન્તિમ વિનાશ પ્રત્યે ઘસડાતીજ જાય છે. તેથી આજનો વિચારક પ્રશ્ન કરે છે કે જે મંદિરની સંસ્થા એક બાજુ અજ્ઞાન અને વહેમ વધારતી હોય અને બીજી બાજુએ તેમાં એકઠું થતું પુષ્કળ દ્રવ્ય આડંબર, નિરુદ્યમ અને અપ્રમાણિકતા વધારવા સિવાય સામાજીક હિતને લગતા કોઇપણ કામમાં આવતું ન હોય તે સંસ્થાને નવા નવા સર્ટીફીકેટો આપીને હવે વધારે જીવન શા માટે આપવું? તેને નાબુદ કરો. આપણી પ્રગતિની આ મોટામાં મોટી આડખીલને ઉખેડી નાંખો.

મૂર્તિપૂજાનો એકદેશીય પક્ષકાર જેમ તેમાંજ વસ્તુ માત્રનો ઉત્કર્ષ જુએ તેમ ઉપરની દૃષ્ટિવાળો વિરોધી વર્ગ આમ બીજા છેડે ઉભો રહીને પોતાના વિચારો નિરૂપતો સંભળાય છે. તે મૂર્તિપૂજાના લાભાલાભની તુલના કરવાની ચોખ્ખી ના પાડે છે. તે ધીરજ ખોતો જાય છે અને જે ખોટું લાગ્યું છે તેના સંહારને ઉપદેશતો જાય છે.

મારી આજે આ દૃષ્ટિ નથી. સમાજ પરિવર્તનકાર બે કોટિના હોય છે. એક સુધારક અને બીજો વિપ્લવકાર. સુધારકની દૃષ્ટિ તુલનાત્મક હોય છે; વિપ્લવકારની દૃષ્ટિ નિષેધાત્મક હોય છે. સુધારક જે સંસ્થા પ્રચલિત હોય, તેમાં રહેલા અસદ્ અંશોનો ઉચ્છેદ કરી બને તેટલો તે સંસ્થાનો લાભ ઉઠાવવા માગે છે. વિપ્લવકાર એ પ્રકારની સદ્અસદ્ અંશોની ભાંજગડીમાં અને ખોટા તત્વો દૂર કરીને સારાં તત્વોનો લાભ લેવાની શક્યતામાં માનતોજ નથી, તેને આખું અંગ સડેલુંજ લાગે છે અને તેના ઉચ્છેદ સિવાય અન્ય કોઇ ઉદ્ધારનો માર્ગ દેખાતો નથી. સુધારક મંદગતિએ ચાલે છે અને લોકોને સમજાવીને સૌને સાથે રાખીને આગળ વધવાની વૃત્તિ રાખે છે. વિપ્લવકાર બળદની ગતિએ ચાલતો નથી પણ પવનવેગી અશ્વની ગતિએ આગળ દોડ્યોજ જાય છે અને તેના ઉડ્ડયનમાં શરૂઆતમાં તે એકલોજ હોય છે. જે સમાજ સુધારકને સાંભળતો નથી તેને વિપ્લવકારના પ્રચંડ આવેગને નમ્યા સિવાય છુટકોજ નથી. જે સંસ્થા દેશકાળ અનુસાર આત્મસ્વરૂપમાં ફેરફાર કરતી નથી તે સંસ્થાનો વિપ્લવકારને હાથે શિરચ્છેદ નિર્માયલોજ છે. વર્તમાનકાળ અને ભવિષ્યકાળ ધ્યાનમાં લઇને આજે દેવદ્રવ્યના સંબંધમાં હું તો કેવળ સુધારકની દૃષ્ટિએજ કેટલાક વિચારો રજુ કરવા માંગું છું. મૂર્તિપૂજા અને મંદિરની ઉપયોગીતા હું સ્વીકારું છું. ધર્મ સંપ્રદાયના અસ્તિત્વ સાથે તેને ગાઢ સંબંધ છે એમ હું માનું છું. ભક્તિના માહાત્મ્યને આવા વિચારોમાં પુરો અવકાશ છે અને એમ છતાં આજે ભક્તિ અને પુજાના નામે જે ચાલી રહ્યું છે તે અનેક દુષણોથી ભરેલું છે એવી મારી પ્રતીતિ છે અને તેથી આપણી મૂર્તિપુજામાં જે દુષિત તત્વો ભર્યા છે તે દૂર કરીને આખા વ્યવહાર અને માન્યતાની પુનર્ઘટના કરો અને એમ નહિ કરવામાં આવે તો આખી સંસ્થાનો નાશ સરજાતો જાય છે એ બાબત તરફ ધ્યાન ખેંચવું એ મારો આજનો પ્રતિપાદ્ય વિષય છે.

તેથી આપણા મંદિર વ્યવહારમાં કઇ રીતે પુનર્ઘટના કરવી એની ચર્ચા પ્રસ્તુત બને છે પણ તે શરૂ કરું તે પહેલાં આપણી મૂર્તિપૂજા વિષે જે મારા ખ્યાલો છે તે સંક્ષેપમાં રજુ કરું. તે જેને સ્વીકાર્ય હશે તે તેના ઉપર રચવામાં આવેલી વિચાર યોજના સ્વીકાર્યા વિના નહિ રહે એવી મારી શ્રદ્ધા છે. આપણી મૂર્તિપૂજા વિષે મારા ખ્યાલો નીચે પ્રમાણે છે.

૧ આપણે જેને દેવ તરીકે સ્વીકારીએ છીએ તે પૂર્ણતાને પામેલ છતાં આપણા જેવાજ આત્મા છે. આપણે અપૂર્ણ એટલે વ્યક્તિગત આત્મા તે સંપૂર્ણ એટલે પરમાત્મા. તે કોઇ અપૂર્વ અકલિત અગમ્ય ઇશ્વરના અવતારે નથી કે આપણાથી કદિ પહોંચી ન શકાય એવી કોટિના પરમ પુરૂષ નથી. તેમણે પ્રયત્ન કર્યો—કર્મોને વિદાર્યાં, કૈવલ્યપદને પામ્યા. આપણે પણ તેમના માર્ગે ચાલીએ તો જરૂર તેમના પદને પામીએ એવી આપણી શ્રદ્ધા હોય છે. એટલે કે તે આપણા આદર્શ છે, અને આપણો આદર્શ તદ્દન વ્યવહારૂ છે એટલે કે આત્મિક પ્રયત્નથી ચોક્કસ સાધ્ય છે, આ આપણી માન્યતા છે. આવા કૈવલ્યપદ પ્રાપ્ત તીર્થંકર ભગવાનની ઉપાસના ભક્તિ તેમના ચારિત્ર પાછળ રહેલા મોક્ષના આદર્શને આપણા જીવનમાં ઉતારવાના આશયથી ધર્મ્ય બને છે.

૨ આ ઉપાસના અને ભક્તિ કરવા માટે જિન મૂર્તિ સામાન્ય લોકોની અપેક્ષાએ ઉપયોગી સાધન છે. પ્રસ્તુત મૂર્તિ આપણા ચિત્તના અવલંબનનું કાર્ય કરે છે. આ મૂર્તિ પથ્થર કે ધાતુની બનાવવામાં આવે છે; કારણ કે પથ્થર કે ધાતુ બીજા કરતાં ચિરસ્થાયી દ્રવ્ય છે. આપણી કલ્પનામાં ભગવાન મહાવીર આદિ તીર્થંકરોનું જે વિશિષ્ટ સ્વરૂપ સ્થિર થયેલું છે, તેને પ્રતિબિંબિત કરે એવી રીતે મૂર્તિને ઘડવામાં અને તૈયાર કરવામાં આવે છે, અને જો આ વિચાર યથાર્થ હોય તો પ્રસ્તુત મૂર્તિ આખા સર્વ વ્યવહારમાં ઉપર જણાવેલ કાલ્પનિક ચિત્ર બરોબર જળવાઇ રહે તેવી રીતેજ આપણે વર્તવું જોઇએ એ વિચાર પણ આપણે સ્વીકારવોજ જોઇએ.

૩ ઉપરના ધોરણે આપણે એમ પણ કહી શકીએ કે લક્ષણોથી આપણે જિનમુર્તિને તરણ તારણ કહી શકીએ છતાં વસ્તુતઃ મુર્તિ પોતે સ્વતઃ કશુંજ કરી શકતી નથી. કોઈ મુર્તિ મુળ સ્વરૂપે અન્ય કોઈ રમકડાં માફક પૌદ્ગલિક દ્રવ્યનોજ સમુહ છે તેથી મુર્તિ પાછળના આદર્શને ભુલી જઈને જે કોઈ માણસ મુર્તિના બાહ્ય સ્વરૂપ પાછળ ઘેલો ઘેલો થઇ જાય છે અને આ મુર્તિજ મને ખુબ સુખ આપશે અને મારાં બધાં દુઃખ હરી લેશે એમ માને છે તે ખરી રીતે પોતા માટે જબરજસ્ત ભ્રાન્તિનો ગર્ત (ખાડો) ખોદતો જાય છે.

૪ ભક્તિ પાછળ દ્રવ્ય વિસર્જનનો ખ્યાલ હંમેશાં જોડાએલો હોય છે તેથી મુર્તિપૂજક મનુષ્ય મુર્તિ સમક્ષ દ્રવ્ય ધરવા પ્રેરાય એ સ્વાભાવિક છે, છતાં એ દ્રવ્ય જે કોઈ દેવ સમક્ષ મુકવામાં આવે છે તેને તે દ્રવ્ય સાથે કશી નિસબત હોઇ શકે નહિ. તેમાં પણ જિન મુર્તિ તો નિષ્પરિગ્રહી સન્યાસી તીર્થંકરની પ્રતિનિધિ છે તેથી જેમ સાધુ સમક્ષ મુકાયલા દ્રવ્યની સાધુ કિંચિત પણ અપેક્ષા ધરતો નથી, તેજ પ્રમાણે તીર્થંકર સમક્ષ મુકાયલા દ્રવ્યનો તેમની સાથે સંબંધ જોડવો ઉચિત નથી. આપણામાં પ્રચલિત થયેલાં નામો-શાન્તિનાથજીની પેઢી-ગોડીજીની પેઢી-વ્યવહારની અપેક્ષાએ ગમે તેટલાં સગવડ પડતાં હોય પણ તેવો વ્યવહાર આચરવામાં શાન્તિનાથજી કે ગોડીજીની તો અવગણનાજ થાય છે.

૫ ઇશ્વર ભક્તિ આત્મોધ્ધારનું એક મહત્વનું સાધન છે, પણ ભક્તિને લગતા વ્યવહારનું સંશોધન થવું જરૂરનું છે. ભક્તિ એ ચિત્તની અમુક સ્થિતિ સુચવે છે. ભક્તિને ખરો સંબંધ મન સાથે છે. દ્રવ્યવ્યય સાથે તેનો સીધો સંબંધ નથી. ભક્તિને મુખ્ય સમજીને કેટલાક એવો ખ્યાલ ધરાવે છે કે જે દેવ ઉપર આપણી ભક્તિ હોય તેની સમક્ષ અને તેટલા દ્રવ્યનો ઢગલો કરવામાં ભારે પુણ્ય રહેલું છે. આ ખ્યાલ ખોટો છે. ભગવાન મહાવીર પ્રત્યે મને ભક્તિ હોય એ ઉપરથી મને એવું કર્તવ્ય પ્રાપ્ત થઇ ન શકે કે જરૂર હોય યા ન હોય તો પણ મારે તો બને તેટલાં મંદિરોજ બંધાવવાં જોઇએ અથવા તો જ્યાં જ્યાં મંદિરો હોય તેના નિભાવમાં મારે બને તેટલું દ્રવ્ય આપવું જોઇએ. ભગવાન મહાવીર પ્રત્યે ભક્તિ હોય તેણે પોતાનું દ્રવ્ય ભગવાને પ્રરૂપેલા માર્ગમાં ખરચવું જોઇએ. યોગ્ય દેવની ભક્તિ કરો અને દ્રવ્યની જેને ખરી ખપ હોય તેને આપો. ભગવાન મહાવીરે દીક્ષા લેતી વખતે દ્રવ્યદાન કર્યો તે કોઈ મંદિરમાં હોમી દીધો નહોતો, પણ અનાથ ગરીબમાં તે દ્રવ્ય વહેંચી દીધું હતું. આ હકીકત ધ્યાનમાં લેવા જેવી છે.

૬ આપણામાં પુણ્યના ખ્યાલો ગણિતના ધોરણે રજુ કરવામાં આવે છે અને નાના મોટા માપનો ઉપયોગ કરવામાં આવે છે. દાખલા તરીકે એવી માન્યતા ફેલાયલામાં આવે છે કે બીજા માર્ગો કરતાં દેવમંદિરમાં જે દ્રવ્ય ખરચાય તેથી વધારે પુણ્ય થાય, તેમજ વળી એમ પણ સમજાવવામાં આવે છે કે અમુક કાર્ય કરે તો બે ઉપવાસનું પુણ્ય, અને અમુક કાર્ય કરે તો જ ઉપવાસનું પુણ્ય થાય; આ ધોરણ અને ગણતરી કર્તવ્ય અકર્તવ્યના વિચિત્ર ખ્યાલો ઉભા કરે છે. પુણ્યપ્રાપ્તિ સંબંધી એકજ સાદો નિયમ હોઇ શકે કે પોતપોતાના સંયોગોમાં દરેક મનુષ્ય સ્વાર્થ સાધના ઉપરાંત આત્મકલ્યાણ થાય એવું અને તે તે દેશ-કાળમાં જે વધારે અગત્યનું કાર્ય તેવું કર્મ કરે તે વધારે પુણ્યનો ભાગી થાય અને ઓછી અગત્યવાળી બાબતો પાછળ દ્રવ્ય ખરચે તે ઓછા પુણ્યનો ભાગી થાય. જે ગામમાં બીલકુલ દેવ મંદિર ન હોય ત્યાં સૌથી પહેલું મંદિર બંધાવવું જોઇએ. જ્યાં વર્તમાન મંદિરોની પણ પુરી સંભાળ લેવાતી ન હોય ત્યાં નવું મંદિર બાંધનાર પુણ્ય બાંધે છે એમ તો કહી નજ શકાય. જ્યાં પ્રજા ભુખમરાથી પીડિત હોય ત્યાં ભુખમરાનું નિવારણજ ધર્મ બને છે. ત્યાં ઉત્સવ સમારંભ ઘટી શકેજ નહિ. પુણ્યપાપના સંબંધમાં આ વિવેક દ્રષ્ટિ આવવાની ખુબ જરૂર છે. તરસ અને ભુખથી ટળવળતા અથવા તો વ્યાધીની ખુબ વેદનાથી પીડાતા પાડોશીને જાણતાં છતાં તેનું કાંઇ ન કરે અને સો રૂપિયાની આંગી રચાવે તો તે કાર્ય ધર્મ લેખી નજ શકાય.

૭ આપણી જિનમુર્તિ બેઠી હોય છે અથવા તો ઉભી હોય તે બન્ને એકજ ધ્યાનાવસ્થા સૂચવે છે, આપણી જિનમુર્તિ ત્યાગી રાગદ્વેષ રહિત તીર્થંકરની છે. ભિન્ન અવસ્થા સૂચવતી મુર્તિઓ ઘડાવવાની પ્રથા આપણામાં પ્રચલિત નથી, આપણી સર્વ જિનમુર્તિઓ એકજ સ્વરૂપમાં લીન હોય છે. તેથી તે મુર્તિ ઉપર ભક્તિથી પ્રેરાઇને આપણે ગમે તે કરીએ પણ મુળ સ્વરૂપની હાનિ કરતાં થાય તેવું કશું થઇ નજ શકે.

આટલા ખ્યાલો જેણે સ્વીકાર્યા હોય તેને હવે પછી રજુ કરવામાં આવનાર મંદિર-વ્યવહારની પુનર્ઘટનાને લગતા વિચારો સમજવામાં કે સ્વીકારવામાં જરા પણ વાંધો નહિ આવે એવી આશા છે.

[અપૂર્ણ.] પરમાનંદ.

## દલીલોની વિચિત્રતા.

વીરશાસન પત્ર તેના તા. ૨૨-૧૧-૨૯ ના પ્રથમ જણાવે છે કે "આ વાતાવરણમાં જો કોઇ પણ જાતના ખાસ ઉપદેશની જરૂર હોય તો સર્વ વિરતિના ઉપદેશની જરૂર છે." કારણ ઉપર જણાવે છે "નવકારશીના નાનામાં નાના પચ્ચખાણથી આરંભી ઉંચામાં ઉંચું વ્રત, પુજા, સામાયિક, દેવવંદન, સાધર્મિક વાત્સલ્ય, શાસન પ્રભાવના, એ બધું શા માટે? એનો અન્તિમ હેતુ કયો? સર્વ વિરતિ બનવાનો." એક વિદ્યાર્થી બીજી ચોપડી ભણતો હોય તેનો માસ્તર તે ઉકરાંનો વાલી એમ કહે કે માસ્તર સાહેબ, આ વિદ્યાર્થી ભણવા આવે છે તેનો અન્તિમ હેતુ બી. એ. થવાનો છે માટે તેને બીજી ચોપડીના વિષયોનું જ્ઞાન ન આપો, પણ બી. એ. ના પુસ્તકોના આપોજ તેની પાસે કેવો તો માસ્તર સાહેબ તે વાલીને કેવા ગણે તેનો ખ્યાલ કરવાનું અમો વાંચકોનેજ સોંપીએ છીએ.

વળી આગળ લખે છે કે, "આજે સર્વ વિરતિની ભાવનાજ ભુંસાતી જાય છે, સર્વ વિરતિનાં દ્વારોજ તાળાં દેવા માટે આજે ઓરંગઝેબીનાં અવતરણ કરાય છે, અને સર્વ વિરતિની સંસ્થાને જમીનદોસ્ત કરવાની પણ રમતો રમાય છે." વીરશાસન પત્ર લખે 'સર્વ વિરતિના દ્વારને તાળાં દેવાજ...... અવતરણ થયાં છે' તો તેની સામે વીરશાસન પત્ર લખેલો વાંચેલો કંઇપણ પુરાવો રજુ કરી શકે તેમ છે કે? દિક્ષા સંબંધી અમુક નિયમો થાય, દિક્ષાની વય નક્કી કરાય કે અમુક બાળદિક્ષા ઉપર અંકુશ મુકાય તેને સર્વ વિરતિના દ્વારને તાળાં દેવા બરોબર ગણે તો ભલે વીરશાસન પત્ર ગણે; આજનો સમજુ વર્ગ તે દલીલ ઉપર ચોક્કસ હસશે.

# ચાલુ ચર્ચા.

"વીરશાસન" તા. ૨૨ મી નવેમ્બરના પત્રમાં "અસત્યની જાળ" એ હેડીંગ નીચે લખે છે કે મુનિશ્રી રામવિજયજી નિષ્પક્ષ પંચ તપાસ કરવા ઇચ્છે તો જુબાની આપવા ખુશી છે એ હકીકતના સમય સંબંધી કોઇએ પુછેલા પ્રશ્નનો ખુલાસો કરે છે. ખુલાસો પુછનારને કેટલીક ગાળો આપી છે તે તો વીરશાસનના જરનાલીઝમનો હંમેશનો રીવાજ છે. જે હકીકત તા. ૧૮-૧૦-૨૯ ના વીરશાસનમાં પ્રસિદ્ધ થઇ છે તેમાં તપાસને અંગે નીચેની હકીકત છે.

ઉત્તર......"આવું નિષ્પક્ષપાત પંચ નિમવાનો અધિકાર સંઘનો છે એમ હું માનું છું અને એમ હરકોઇ જોઇએ." એક ભાઇએ પુછેલા પ્રશ્નના ઉત્તર તરીકે ઉપરનું વાક્ય મુની રામવિજયજીના સ્વમુખે બોલાયેલું છે. એક તરફથી શ્રી સંઘનો હક સ્વીકારવામાં આવે છે બીજી તરફથી "સંઘ કોણ થાય છે?" "સાધુ સંસ્થાની વચ્ચે આવવાનો સંઘને બીલકુલ હક નથી" એમ તેમના પક્ષવાળાઓ તરફથી છડે ચોક બોલાય છે મુનિશ્રીના કહેવા મુજબ જો કોઇપણ સંઘ તપાસ કમીટી નીમે તો તેઓ જુબાની આપવા તૈયાર છે. જો કે કોઇ સંઘ તપાસ કમીટી નીમે નહીં, કદાચ કોઇ સંઘ તપાસ કમીટી નીમવાની હીંમત કરે તો તેની શું દશા થાય તેને અંગે જામનગર તથા પાટણના સંઘના હજુ તાજાજ દાખલા મોજુદ છે. આ આપેલ ઉત્તરનો અર્થ એટલોજ કે જો લાભ થાય તો ઠીક છે નહીં તો વીરૂદ્ધ પક્ષને જેવી રીતે ઉતારી પાડવો, તેના સામે કેવા પ્રપંચો ખેલવા વગેરે તેમના પક્ષને ઘણું સારી રીતે આવડે છે માટે અમો તો એટલું તારવી શકીએ કે આ બધી ફક્ત શબ્દ જાળ છે. સમાજને છેતરવાનો એક નવો કીમીયો છે.

## સ્વાગત?

સાગરાનંદસુરિ ના. જામ સરકારની રજા સીવાય દીક્ષા ન આપે તેને અંગે સુરીજીના જામીન લીધેલા છે. તે બનાવ બન્યા પછી ના. જામ સાહેબ થોડીક મુદત બાદ વીલાયતથી પાછા ફર્યા. ઘણી વખત ના. જામ સાહેબ વિલાયત જઇ આવ્યા. પરંતુ આ વખતે આવવા ત્યારે ધી યંગમેન્સ જૈન સોસાયટીએ ઠેક ઠેકાણે ફુલહારથી સ્વાગત કર્યું. જો કે ના. જામ સાહેબની સાથે જૈન સમાજને સીધો કંઇપણ વીરોધ નથી તે જણાવી દેવું ઉચીત છે. આવી રીતે ઠેક ઠેકાણે સ્વાગત કરવાના હેતુને અંગે રા. મહાસુખભાઇ ચુનીલાલ લખે છે કે:—

જે નામદાર જામ સાહેબ વિલાયતના નેતાઓ અને નામદાર વાઇસરાયને સમજાવવા શકિતમાન છે તે શું સદર સોસાયટીની બેહદ ખુશામત નહી સમજી શકે? ઘણી વખતે તે મુંબઇથી આવ્યા ગયા પણ કોઇ વખતે સોસાયટી તરફથી આવો સત્કાર નહી અને આજે શાથી? ઘણા ઘણા રાજા મહારાજાઓ જા આવ કરે છે પણ કોઇને નહી અને તેમને શા માટે સત્કાર થાય છે? તેનું કારણ શું તે નહીં સમજી શકે? સુગંધીદાર ફુલના હારોમાં સ્વાર્થ રૂપી મધમાખીઓ છુપાઇ રહી હશે તે બધી ગુંજ કરમાઇ જતાં બહાર આવી ખરા રૂપમાં પ્રકટ થયા વીના રહેવાનીજ નથી. તે મધ માખીઓ ફુલોનો રસ લેવા હાર સાથે નથી વળગેલી પણ નામદાર જામ સાહેબના સરકારના દીક્ષા સંબંધી થયેલા ન્યાયી ઠરાવને ડંખવા માટે વળગેલી છે. આવી ખુલ્લી રીતે હારની સુગંધી સાથે વળગેલી સ્વાર્થ રૂપી મધમાખીઓને શું નામદાર જામ સાહેબ ખરા સ્વરૂપમાં નહીં સમજી શકે?

## યુવક સંઘોને હાકલ.

બોટાદમાં શ્રી જૈન યુવક સંઘની સ્થાપના થઇ છે. જુદે જુદે સ્થળે યુવક સંઘની સ્થાપના થતી જાય છે તે યુવકોની મનો દશા કેવા પ્રકારની છે તે સુચવે છે. તેના ઉદ્દેશો મુંબઇના શ્રી જૈન યુવક સંઘને મળતાજ છે. પરંતુ ફક્ત યુવક સંઘો સ્થપાય એટલાથીજ સંતોષ માનવાની જરૂર નથી. હવે દીક્ષાના દ્વાર ખુલ્લાં થયા છે તેને અંગે શેઠ મહાસુખભાઇએ યુવકોને હાકલ કરી છે માટે સ્થળે સ્થળના યુવક સંઘ તથા મંડળોએ રચનાત્મક કાર્ય ઉપાડી લેવાની જરૂર છે. દીક્ષાની નીયમાવલી જે યુવક સંઘ (મુંબઇ) તરફથી બહાર પાડવામાં આવી હતી તેની ઉપર વિચાર કરી દરેક સ્થળના યુવક સંઘો તથા મંડળોએ પોતાના વિચારો પ્રગટ કરવા જોઇએ. અમદાવાદની યુવકોએ આ દિશામાં ખાસ પ્રયાસ કરવાની જરૂર છે. સારી પ્રતિજ્ઞાઓ એકલી ફળદાયી નીવડશે નહિ. પ્રતિજ્ઞા મુજબનું વર્તન સમાજના બીજા યુવકોને માર્ગ દર્શક નીવડશે.

## શ્રી યુવક સંઘની મેનેજીંગ કમિટીનો ઠરાવ.

શ્રી જૈન યુવક સંઘની મેનેજીંગ કમિટીએ યુવકોની એક પ્રાથમીક સભા બોલાવવા વિચાર રાખેલો છે તો તે સભામાં સમાન ઉદ્દેશવાળા યુવકો ભેગા થઇ શકે તેથી સ્થળે સ્થળના યુવક સંઘો અથવા મંડળો પોતાના ઉદ્દેશો ટુંક મુદતમાં યુવક સંઘ (મુંબઇ) ઉપર મોકલી આપશે એવી આશા રાખીયે છીએ, તેમજ યુવક સંઘે સુચવેલા પ્રશ્નો ઉપર યોગ્ય વીચાર કરી તૈયાર થઇ રહેવા અમો સુચના કરીએ છીએ.

## યુવક સંઘનો ભાવિ કાર્યક્રમ.

કેટલાકે લાગણીવાળા છતાં અધિરા બંધુઓને સહજ પ્રશ્ન ઉઠે છે કે, યુવક સંઘ હવે કયું રચનાત્મક કાર્ય હાથ ધરવા માગે છે? આનો જવાબ આપવો એ સહેલો વસ્તુ નથી, વળી એનો મુખ્ય આધાર તો નવી કાર્યવાહક સમિતિની બુદ્ધીપરજ રહે; છતાં એ સંબંધમાં ટુંક આગાહી કરવી અસ્થાને નજ ગણાય.

પ્રથમ તો હાલે જેમ મોટા શહેરોમાં યુવક સંઘો સ્થપાયા છે તેમ ગુજરાત કાઠીયાવાડ અને ઉત્તર હિંદના મુખ્ય શહેરોમાં તેવા સંઘો સ્થાપવાની જોસ ભેર ચળવળ ઉપાડવાનું; એ સાથે દિક્ષાની નિયમાવળી અનુસાર કિંવા પાટણના મરહુમે ઠરાવ મુજબ મોટા શહેરોમાં દિક્ષા સંબંધે ઠરાવ કરાવવાનું. વળી અત્યારે શાશન પ્રેમી તરિકે ઓળખાતી ટોળી દ્વારા, વીરશાસન પત્ર મારફતે તેમજ હેંડબીલો છપાવીને જે જનતાને ઉંધે માર્ગે દોરવાનું અખાર કાર્ય થઇ રહ્યું છે તે ભાંગતનું સત્ય જ્ઞાન ફેલાવી, યુવક સંઘોની પ્રવૃતિ એ જૈન સિદ્ધાંતના મુખ્ય તત્વોથી જરાપણ વિરૂદ્ધ જતી નથી પણ શ્રી વીરના ઉમદા ને વિશ્વમાન્ય સુત્રોને જગતની દ્રષ્ટિમાં અચળ સત્ય રૂપે રજુ કરનાર અને મોટા પાયાપર સંગઠન કરનારે છે; એ ભાષણ સભાઓ દ્વારા પુરવાર કરી આપવાનું અને તેવા બીજા જરૂરી કાર્યો હાથ ધરવાનું છે.

આ પત્રિકા ધનજી સ્ટ્રીટમાં આવેલા જૈન ભાસ્કરોદય પ્રેસમાં મનસુખલાલ હીરાલાલે જમનાદાસ અમરચંદ ગાંધી (તંત્રી) માટે છાપી, અને તેણે જૈન યુવક સંઘ માટે પ્રીન્સેસ સ્ટ્રીટ મનહર બીલ્ડીંગમાંથી પ્રસિદ્ધ કરી, મુંબઇ, નં. ૨.